# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 15 | Issue : 439 | Dt. 25-09-2026 | Page : 08 | Price : Rs 3 | RNI No. GUJGUJ/2009/30906 RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


### ‘સુફિયાણી વાતો છોડી પરિણામલક્ષી કામ કરો’

# ડિજિટલ એરેસ્ટ કૌભાંડથી સૂસ્ત સાયબર પોલીસ સામે HC લાલઘુમ

### વૃદ્ધોને સમજણ પડતી નથી તેવું બહાનું કાઢવાને બદલે પોલીસે નાણાં રિકવર કરે : હાઈકોર્ટની ફટકાર

અમદાવાદ, તા.૨૪

હાલમાં રાજ્યભરમાં ’ડિજિટલ એરેસ્ટ’ અને સાયબર ક્રાઈમના નામે સિનિયર સિટીઝનોને નિશાન બનાવીને થતી કરોડો રૂપિયાની છેતરપિંડીના મામલે ગુજરાત હાઈકોર્ટે રાજ્ય પોલીસ તંત્ર અને સાયબર ક્રાઈમ વિભાગનો ઉધડો લીધો છે. એક આરોપીની જામીન અરજી પરની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે પોલીસની ઢીલી નીતિ અને સુસ્ત તપાસ સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.



જસ્ટિસ નિખિલ એસ. કેરીયલે તપાસ અધિકારીઓની નબળી કામગીરી સામે તીખી પ્રતિક્રિયા આપતા સ્પષ્ટ શબ્દોમાં આદેશ આપ્યો હતો કે, પોલીસે કોર્ટમાં સુફિયાણી વાતો અને ફિલોસોફી ઠોકવાને બદલે ભોગ બનેલા સિનિયર સિટીઝનોના નાણાં કઈ રીતે રિકવર થાય તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. કોર્ટે ટકોર કરી હતી કે, ’વરિષ્ઠ નાગરિકોને સમજણ પડતી નથી’ તેવું બહાનું આગળ ધરીને પોલીસ પોતાની નિષ્ફળતા છુપાવી શકે નહીં. અદાલતે સવાલ કર્યો હતો કે ખુદ સાયબર પોલીસને કેટલી સમજણ પડે છે અને અત્યાર સુધીમાં તેમણે કેટલા પીડિતોને નાણાં પરત અપાવ્યા છે તેનો ચોક્કસ જવાબ રજૂ કરવો જોઈએ. માત્ર મ્યુલ (ભાડાના) એકાઉન્ટ ધારકો જેવા નાના કમિશનખોરોને પકડીને સંતોષ માનવાના બદલે મુખ્ય સૂત્રધારો સુધી પહોંચવું અત્યંત જરૂરી છે.

સુનાવણી દરમિયાન રૂપિયા ૬૦ લાખ ગુમાવનાર એક પીડિતના કેસનો ઉલ્લેખ થતાં અદાલતે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. આ કેસમાં પકડાયેલા એક આરોપી પાસેથી ૧૦ લાખ રૂપિયા રિકવર થઈ ચૂક્યા છે અને તે ફરિયાદીને આ રકમ પરત આપવા માટે તૈયાર પણ છે, આમ છતાં પોલીસે હજુ સુધી પીડિતને નાણાં કેમ નથી અપાવ્યા તે અંગે કોર્ટે આશ્ચર્ય અને રોષ વ્યક્ત કર્યો હતો. વધુમાં, આ કેસનો મુખ્ય આરોપી મોહમ્મદ દાનિશ મ્યુલ એકાઉન્ટ્સમાં નાણાં ટ્રાન્સફર કરતો હોવાની સ્પષ્ટ માહિતી હોવા છતાં પોલીસ હજુ સુધી તેને પકડી શકી નથી, જેને હાઈકોર્ટે અત્યંત ગંભીરતાથી લીધી છે.

તપાસનીશ અધિકારીને ૩૦ સપ્ટેમ્બરે રૂબરૂ હાજર રહેવા ફરમાન આવા કૌભાંડોમાં વરિષ્ઠ નાગરિકો ભોગ ના બને તે માટે અસરકારક અને ફુલપ્રુફ વ્યવસ્થા ઊભી કરવા પર કોર્ટે ભાર મૂક્યો હતો. તપાસની યોગ્ય દિશા નક્કી કરવા માટે હાઈકોર્ટે તપાસનીશ અધિકારીને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે, ડિજિટલ એરેસ્ટના નાણાં કયા બેંક ખાતામાંથી ક્યાં ટ્રાન્સફર થયા અને તેમાં કોની કોની સંડોવણી છે તેનો એક સંપૂર્ણ ફ્લો-ચાર્ટ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવે. આ સમગ્ર કૌભાંડમાં સામેલ તમામ લોકોને કેસમાં પક્ષકાર બનાવવાની તાકીદ પણ કરવામાં આવી છે. આ આકરી સુનાવણીના અંતે હાઈકોર્ટે તપાસ અધિકારીને આગામી ૩૦મી સપ્ટેમ્બરના રોજ અદાલત સમક્ષ રૂબરૂ હાજર રહેવાનો કડક આદેશ આપ્યો છે.

# અમે સેવાના માર્ગે જ રહીશું : વડાપ્રધાન

### ભલે ગમે તેટલી સત્તા મળે પણ..વડનગરથી કાશી જતાં યાત્રીઓ સાથે PM મોદીની વાતચીત

ગાંધીનગર, તા.૨૪

પીએમ મોદીએ ’સેવા સંકલ્પ અભિયાન’ના સેવા યાત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિશેષ વાતચીત કરી છે. આજે આપેલા પોતાના સંબોધનમાં તેમણે જણાવ્યું હતું કે, ’આપણું મુખ્ય કાર્ય માત્ર સેવા કરવાનું જ હોવું જોઈએ અને સેવા કરતાં-કરતાં જ સેવાભાવી સંદેશ આપવાનો છે, કોઈ ઉપદેશ આપવાનો નથી.’ આ દરમિયાન પીએમ મોદીએ ગુજરાત સહિત અન્ય રાજ્યોના સેવા યાત્રીઓ સાથે પણ ચર્ચા કરી હતી અને ખાસ સંદેશ આપ્યો હતો કે, ’આપણે ગમે તેટલા ઊંચા શિખર પર પહોંચી જઈએ, પરંતુ સેવાભાવથી ક્યારેય પીછેહઠ કરીશું નહીં.’



સેવા યાત્રીઓ સાથેની વાતચીતમાં પીએમએ જણાવ્યું હતું કે, ’આપણા દેશમાં પરંપરા છે કે જ્યારે કોઈ યાત્રા કરીને પરત આવે અને આપણે તેમને પ્રણામ કરીએ છીએ, ત્યારે યાત્રાનું જે પુણ્ય હોય છે તેનું અડધું પુણ્ય તે વ્યક્તિને મળે છે જે પ્રવાસીઓને પ્રણામ કરે છે. આથી મને પણ તમામ સેવા યાત્રીઓને પ્રણામ કરીને તેમનું અડધું પુણ્ય ચોરી લીધાની ભાવના આવી રહી છે. સ્વયંસેવકોને મારી એક જ અપીલ છે કે તમે તમારું પણ ધ્યાન રાખો અને સેવાના માર્ગથી ક્યારેય ન ભટકો. આપણું આચરણ એવું હોવું જોઈએ કે ગમે તેટલી મોટી રાજકીય કે સામાજિક શક્તિ મળી જાય, પરંતુ આપણો મુખ્ય માર્ગ હંમેશાં ’સેવા પરમો ધર્મઃ’(સેવા જ સૌથી મોટો ધર્મ છે)ના સિદ્ધાંત પર જ અડગ રહેવો જોઈએ.’ કાર્યક્રમ દરમિયાન વૃક્ષારોપણનો વિશેષ ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રીએ એક સરળ અને અસરકારક ઉપાય શેર કર્યો હતો. તેમણે જણાવ્યું કે, ’જ્યારે પણ કોઈ છોડ અથવા વૃક્ષ વાવીએ, ત્યારે તેની પાસે પાણીથી ભરેલો એક માટીનો ઘડો મૂકી દેવો જોઈએ જેનું મોં ઉપરની તરફ હોય. મહિનામાં માત્ર એક જ વાર તે ઘડામાં પાણી ભરી દેવાથી છોડનો સારો એવો વિકાસ થાય છે. આ પદ્ધતિથી પાણીની પણ ભારે બચત થાય છે અને વધુમાં વધુ વૃક્ષો ઉગાડવામાં મોટી મદદ મળે છે.’

# ઓક્ટોબરમાં આવશે ૧૦૦ ટકા ઈથેનોલથી ચાલતી કાર: ગડકરી

### ટોયોટાની અત્યાધુનિક ફ્લેક્સ-ફ્યુઅલ અને હાઈબ્રિડ ટેકનોલોજી

### ચલાવવાનો ખર્ચ માત્ર ૨૫ રૂપિયા પ્રતિ લિટર પેટ્રોલ જેટલો!

નવી દિલ્હી, તા.૨૪

વૈકલ્પિક ઇંધણ અને ગ્રીન એનર્જી તરફ ભારત વધુ એક મજબૂત કદમ ઉઠાવવા જઈ રહ્યું છે. કેન્દ્રીય રોડ અને હાઇવે મંત્રી નીતિન ગડકરીએ જાહેરાત કરી છે કે આગામી ઓક્ટોબર મહિનામાં ૧૦૦ ટકા ઈથેનોલ પર ચાલવા સક્ષમ ટોયોટા ઇનોવા કાર લોન્ચ થવા જઈ રહી છે. દિલ્હીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં ઊ૨૦ પેટ્રોલ અને ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોના સમર્થનમાં બોલતા તેમણે જણાવ્યું હતું કે આ નવી કારના લોન્ચિંગ માટે તેમને વિશેષ આમંત્રણ મળ્યું છે. વિશ્વના ૧૯ દેશોમાં હાલ ઈથેનોલનો સફળતાપૂર્વક ઉપયોગ થઈ રહ્યો છે અને વાહનચાલકો તરફથી કોઈ જ ફરિયાદો નથી, જે આ ઇંધણની વિશ્વસનીયતા દર્શાવે છે.



આ વાહન માત્ર પર્યાવરણ માટે જ નહીં, પરંતુ સામાન્ય માણસના ખિસ્સા માટે પણ અત્યંત રાહતરૂપ સાબિત થશે. રિપોર્ટ અનુસાર, ૧૦૦ ટકા ઈથેનોલ અને ઇલેક્ટ્રિફાઇડ પાવરટ્રેનથી ચાલતી આ કારનો રનિંગ કોસ્ટ આશરે રૂ. ૨૫ પ્રતિ લિટર પેટ્રોલના ભાવ જેટલો જ બેસી શકે છે. આ ગણતરીથી વાહનચાલકોને ઇંધણના ખર્ચમાં જંગી બચત થશે અને મોંઘા પેટ્રોલ-ડીઝલમાંથી મુક્તિ મળશે.

ટોયોટા છેલ્લા કેટલાક વર્ષોથી આ અદ્યતન ટેકનોલોજી પર કામ કરી રહી છે. અગાઉ ઓગસ્ટ ૨૦૨૩માં જ ટોયોટા કિર્લોસ્કર મોટરે દિલ્હીમાં ઇનોવા હાઇક્રોસ પર આધારિત ’ઇલેક્ટ્રિફાઇડ ફ્લેક્સ-ફ્યુઅલ પ્રોટોટાઇપ’ રજૂ કર્યો હતો. આ નવા વાહનમાં ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિન સાથે મજબૂત હાઇબ્રિડ ઇલેક્ટ્રિફાઇડ પાવરટ્રેન સિસ્ટમ આપવામાં આવી છે, જે ઊ૨૦થી વધુ ઈથેનોલ મિશ્રણ પર પણ સરળતાથી કામ કરી શકે છે. વિશિષ્ટ ટેસ્ટ કન્ડિશનમાં કંપનીએ નોંધ્યું છે કે, આ સ્ટ્રોંગ હાઇબ્રિડ સિસ્ટમ લગભગ ૬૦ ટકા સમય માટે પેટ્રોલ એન્જિન બંધ રાખે છે અને ૪૦ ટકા જેટલું અંતર સંપૂર્ણ ઇલેક્ટ્રિફાઇડ મોડ પર કાપી શકે છે.

કેન્દ્રીય મંત્રી ગડકરીએ ઈથેનોલના ઉપયોગ પાછળના આર્થિક અને કૃષિ લાભો પણ સમજાવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે ઈથેનોલના વધતા ઉપયોગથી કૃષિ ક્ષેત્રમાં કાચી સામગ્રીની માંગમાં જંગી ઉછાળો આવશે. માત્ર મકાઈમાંથી ઈથેનોલ બનાવવાના સરકારના નિર્ણયને પગલે ઉત્તર પ્રદેશ અને બિહારના ખેડૂતોને રૂ. ૪૫,૦૦૦ કરોડનો સીધો ફાયદો થયો છે.

### અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ UNમાં કહ્યું કે આંતરરાષ્ટ્રીય સિસ્ટમ તૂટી ગઈ

# ભારત-પાક જેવા સંઘર્ષો ઉકેલવામાં વૈશ્વિક સંસ્થાઓ નિષ્ફળ : અમેરિકા

નવી દિલ્હી, તા.૨૪

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ બુધવારે જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય સિસ્ટમ તૂટી ગઈ છે. ન્યૂયોર્કમાં તેમણે કહ્યું કે, વિશ્વમાં મોટા સંઘર્ષોને પહોંચી વળવા પૂરતી અસરકારક આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાનો અભાવ છે. રુબિયોએ ભારત-પાકિસ્તાન, થાઈલેન્ડ-કંબોડિયા અને આફ્રિકાના સંઘર્ષોનો ઉલ્લેખ કરી કહ્યું કે, વૈશ્વિક તંત્ર પોતાના મૂળ ઉદ્દેશ્યથી ભટકી ગયું છે. અમેરિકા પોતાના હિતોને સર્વોપરી રાખશે.



વિશ્વભરમાં વધી રહેલા યુદ્ધો અને રાજદ્વારી તણાવ વચ્ચે અમેરિકાએ સંયુક્ત રાષ્ટ્ર સહિતના વૈશ્વિક માળખા સામે આકરા સવાલો ઊભા કર્યા છે. અમેરિકાના વિદેશ મંત્રી (સેક્રેટરી ઓફ સ્ટેટ) માર્કો રુબિયોએ બુધવારે જણાવ્યું હતું કે, વિશ્વમાં હાલ મોટા સંઘર્ષોને પહોંચી વળવા માટે પૂરતી અસરકારક આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાનો અભાવ છે. તેમણે ખાસ કરીને ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંભવિત તણાવ, થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચેની અથડામણો તેમજ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (DRC), સુદાન અને રવાન્ડામાં ચાલતી કટોકટીઓનો ઉલ્લેખ કર્યો હતો.

ન્યૂયોર્કમાં પત્રકારો સાથે વાતચીત કરતા માર્કો રુબિયોએ સ્વીકાર્યું હતું કે જો આવા વિવાદોને ઉકેલવા માટે કોઈ સક્ષમ અને કાર્યક્ષમ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા અસ્તિત્વમાં હોય તો તે ખૂબ ઉત્તમ બાબત ગણાશે. જોકે વર્તમાન વૈશ્વિક વ્યવસ્થા પોતાના મૂળ હેતુથી ઘણી આગળ વધીને ભટકી ગઈ છે. અમેરિકા આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાના મૂલ્યને ઓળખે છે અને સંયુક્ત રાષ્ટ્ર જેવી સંસ્થાઓમાં અપાર ક્ષમતા છે, પરંતુ આ સંસ્થાઓ તે ક્ષમતા મુજબ પરિણામ આપવામાં નિષ્ફળ રહી છે અને પોતાના અધિકારક્ષેત્રની બહારની બાબતોમાં ગૂંચવાઈ ગઈ છે. વિશ્વના નેતાઓનો સંદર્ભ આપતાં રુબિયોએ કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સિસ્ટમ યોગ્ય રીતે કામ નથી કરી રહી તે બાબતે મોટાભાગના દેશો સહમત છે. આ વ્યવસ્થાને ફરી પોતાના મૂળ ફોકસ અને વાસ્તવિક ભૂમિકા પર પાછી લાવવી પડશે. જો આપણી પાસે એવી કાર્યક્ષમ વ્યવસ્થા હોત જે ભૂતકાળમાં થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે થયેલા યુદ્ધને અથવા ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંભવિત સંઘર્ષને અસરકારક રીતે સંભાળી શકી હોત તો ઘણું સારું હોત, પરંતુ હાલ આપણી પાસે એવી કોઈ સિસ્ટમ જણાતી નથી જે આ સમસ્યાઓનો ઉકેલ લાવી શકે.

માર્કો રુબિયોએ ચોખવટ કરી હતી કે હું સ્પષ્ટ કરવા માગું છું કે આ કોઈ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા પરનો હુમલો નથી. પરંતુ અંતે, જ્યાં સુધી પ્રમુખ ટ્રમ્પ સત્તામાં છે ત્યાં સુધી અમેરિકા હંમેશાં પોતાના દેશના રાષ્ટ્રીય હિતમાં જ પગલાં ભરશે, નહીં કે કોઈ આંતરરાષ્ટ્રીય ઓર્ડરના હિતમાં. અમે ક્યારેય યુએસના હિતોથી ઉપર વૈશ્વિક વ્યવસ્થાને નહીં મૂકીએ.

# સ્કૂલોની આસપાસ જંક ફૂડના વેચાણ પર પ્રતિબંધ

### FSSAIનો ૫૦ મીટરનો નવો નિયમ દુકાનદારો અને મોટી કંપનીઓ માટે ચિંતા વધારનારો

નવી દિલ્હી, તા.૨૪

FSSAI એ દેશભરની શાળાઓમાં બાળકોના સ્વાસ્થ્ય સુધારવા કડક નિયમ લાગુ કર્યો છે. હવે કોઈપણ શાળાની ૫૦ મીટરની ત્રિજ્યામાં વધુ ચરબી, ખાંડ અને મીઠું (HFSS) ધરાવતા જંક ફૂડ, ઠંડા પીણાં અને ચોકલેટનું વેચાણ, વિતરણ કે જાહેરાત કરી શકાશે નહીં. આ પગલું બાળકોમાં વધતી મેદસ્વીતા રોકવા લેવાયું છે. મહારાષ્ટ્રમાં ૧૩૩ દુકાનો પર કાર્યવાહી થઈ છે.



તમારા બાળકો સ્કૂલમાં ભણતા હોય તો એક વાલી તરીકે આ સમાચાર તમારા માટે ખૂબ જ રાહત આપનારા છે. બાળકો ઘણીવાર ઘરનો પૌષ્ટિક ખોરાક ખાવાને બદલે સ્કૂલોની બહાર મળતા ચિપ્સના પેકેટ કે સસ્તા પિઝા ખાવાનું વધુ પસંદ કરતા હોય છે. બાળકોની આ બિનઆરોગ્યપ્રદ ટેવ અને તેમનામાં ઝડપથી વધી રહેલી સ્થૂળતા (મેદસ્વીતા) ને રોકવા માટે કેન્દ્ર સરકાર અને ફૂડ સત્તામંડળ કડક પગલાં ભરી રહ્યા છે. ‘ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા’ (FSSAI) દ્વારા લાગુ કરાયેલા વિશેષ નિયમથી દેશની કોઈ પણ સ્કૂલોની આસપાસ વેચાતા જંક ફૂડ પર બ્રેક લાગવા જઈ રહી છે. FSSAIના નિયમો મુજબ, કોઈપણ સ્કૂલની ૫૦ મીટરની ત્રિજ્યામાં ચરબી, ખાંડ અને મીઠું વધુ હોય તેવા ખોરાકના વેચાણ, મફત વિતરણ અને તેની જાહેરાતો કે પ્રમોશન પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકાયો છે.

સ્કૂલોની નજીક કઈ વસ્તુઓ વેચી નહીં શકાય? તે અંગે જાહેર કરાયું છે કે, ફાસ્ટ ફૂડમાં બર્ગર, પિઝા, નૂડલ્સ, સમોસા અને કચોરી, પેકેજ્ડ નાસ્તામાં ચિપ્સ અને અન્ય ખારા-તળેલા નાસ્તા, પીણાંમાં વધુ ખાંડવાળા ઠંડા પીણાં (કોલા, કાર્બોનેટેડ ડ્રિંક્સ), ગળપણમાં ચોકલેટ, કેન્ડી અને વધુ ગળપણવાળી મીઠાઈઓનો સમાવેશ થાય છે. કોઈપણ ખોરાકમાં ચરબી, મીઠું કે ખાંડ વધુ છે કે નહીં, તે નક્કી કરવા માટે FSSAI ના નોટિફાઇડ માપદંડ મુજબ સ્પષ્ટ મર્યાદા નક્કી કરાઈ છે. જેમ કે

સેચ્યુરેટેડ ફેટ (Saturated Fat)માં પ્રતિ ૧૦૦ ગ્રામ ખોરાકમાં ૧.૬ ગ્રામથી વધુ ન હોવી જોઈએ. ખાંડ (Added Sugar) માં પ્રતિ ૧૦૦ ગ્રામમાં ૪.૯ ગ્રામથી વધુ ન હોવી જોઈએ.સોડિયમ (Sodium) માં પ્રતિ ૧૦૦ ગ્રામમાં સોડિયમનું પ્રમાણ ૦.૨૫ ગ્રામ (જે આશરે ૦.૬૨૫ ગ્રામ મીઠા બરાબર થાય છે) થી વધુ ન હોવું જોઈએ.

આવા નિર્ણય પાછળનું સૌથી મોટું કારણ ભારતના બાળકોમાં વધી રહેલું વજન અને મેદસ્વીતા છે. વર્લ્ડ ઓબેસિટી ફેડરેશનના ચોંકાવનારા આંકડા જોઈએ તો ૨૦૧૫ માં ભારતમાં ૫ થી ૧૯ વર્ષની વયના આશરે ૨.૮ કરોડ બાળકો વધુ વજનવાળા હતા.તાજેતરના વર્ષોમાં આ આંકડો વધીને ૪.૧ કરોડથી વધુ થઈ ગયો છે.જો આમ જ ચાલતું રહેશે, તો વર્ષ ૨૦૪૦ સુધીમાં ભારતમાં મેદસ્વી બાળકોની સંખ્યા ૫.૬ કરોડ સુધી પહોંચી જશે. FSSAIના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ‘અમારો મુખ્ય હેતુ બાળકોને નાની ઉંમરથી જ બિનઆરોગ્યપ્રદ ટેવોથી દૂર રાખીને તેમનામાં સ્વસ્થ ખોરાક ખાવાની આદત કેળવવાનો છે.’

### દુકાનદારો–મોટી કંપનીઓ પર શું અસર?

આવો નિયમ લાગુ થવાથી સ્કૂલોની આસપાસની કરિયાણાની દુકાનો, ફડ સ્ટોલ, રેસ્ટોરાં તેમજ પેપ્સીકો, કોકા-કોલા, નેસ્લે અને મોન્ડેલેઝ જેવી મલ્ટીનેશનલ કંપનીઓને સીધી અસર થશે.દુકાનદારોનું કહેવું છે કે આ નિયમથી તેમની રોજની કમાણી પર અસર પડી શકે છે. જોકે, અધિકારીઓનું કહેવું છે કે દુકાનદારો જંક ફૂડના બદલે તાજા ફળ, જ્યુસ અને હેલ્ધી ખોરાક વેચીને પોતાનો વેપાર ચાલુ રાખી શકે છે. કંપનીઓએ રેસિપી બદલવી પડશેઃ નિષ્ણાતો માને છે કે ચિલી અને મેક્સિકો જેવા દેશોની જેમ, આ કાયદાને કારણે મોટી FMCG કંપનીઓને પોતાના પ્રોડક્ટ્સમાં મીઠું, ખાંડ અને ચરબીનું પ્રમાણ ઘટાડવાની ફરજ પડી રહી છે. ભારતીય ખાદ્ય વેપાર અને ઉદ્યોગ સંઘની દલીલ છે કે ભારતમાં ઘણી શાળાઓ ગીચ બજારોની વચ્ચે આવેલી છે, તેથી ૫૦ મીટરનો નિયમ ચુસ્તપણે લાગુ કરવો વ્યવહારુ રીતે સહેલો નથી. આમ છતાં, મહારાષ્ટ્ર સરકારે તેના પર કડક કાર્યવાહી શરૂ કરી દીધી છે. મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) ના આદેશ અનુસાર શાળાઓની આસપાસ જંક ફૂડ વેચવા પર મનાઈ ફરમાવાઈ છે. ફૂડ ઇન્સ્પેક્ટરોએ ચકાસણી કરીને નિયમનું ઉલ્લંઘન કરતી ૧૩૩ થી વધુ દુકાનો પર કાર્યવાહી કરી છે અને તેમાંથી ૫૧ દુકાનોને તો બંધ કરવાનો આદેશ પણ આપી દેવાયો છે.નોંધનીય છે કે, FSSAI દ્વારા વર્ષ ૨૦૨૦ માં નોટિફાય કરાયેલા આ નિયમનો મુખ્ય હેતુ સ્કૂલ કેમ્પસ અને તેની ૫૦ મીટરની ત્રિજ્યાને ‘જંક ફૂડ ફ્રી ઝોન’ બનાવવાનો છે, જેથી આવનારી પેઢીને કુપોષણ અને મેદસ્વિતાથી બચાવી શકાય.

# ભાજપની નજર ગુજરાતના આદિવાસી બેલ્ટ પર

## ગુજરાતમાં બે 'આદિવાસી સ્પેશિયાલિસ્ટ' સહપ્રભારીની નિયુક્તિ: ૨૭ બેઠકો જીતવાનો માસ્ટર પ્લાન





ગાંધીનગર, તા.૨૪

ગુજરાતમાં આગામી વર્ષ ૨૦૨૭ના અંતમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટે સત્તાધારી ભાજપે અત્યારથી જ મેગા તૈયારીઓ આરંભી દીધી છે. ભાજપ માટે ૧૫૬+૫ એટલે કે ૧૬૧ બેઠકો જાળવી રાખવાનો પડકાર છે, તો બીજી તરફ પૂર્વ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના ગણિત મુજબ તમામ ૧૮૨ બેઠકો જીતવાના લક્ષ્યાંકને સિદ્ધ કરવાની પણ મથામણ છે. આ મિશન ૧૮૨ને હાંસલ કરવા માટે ભાજપે રાજ્યના દરેક ક્ષેત્ર અને દરેક મતદાર બેલ્ટ પર પોતાની પકડ મજબૂત બનાવવાની રણનીતિ ઘડી કાઢી છે, જેનું પ્રથમ નિશાન દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતનો આદિવાસી પટ્ટો બન્યો છે.

રાજ્યમાં ગઈકાલે ભાજપે જે બે નવા સહપ્રભારીઓની નિયુક્તિ કરી છે, તે બંને 'આદિવાસી સ્પેશિયલ' છે. અજય મહાવર દિલ્હીના બે ટર્મના ધારાસભ્ય છે, જેઓ ઝારખંડના આદિવાસી બેલ્ટના મૂળ રહેવાસી છે અને આદિવાસી સંસ્કૃતિના ઊંડા જાણકાર છે. તો મહિલા સહપ્રભારી ગોમતી સાઈ પણ છત્તીસગઢના આદિવાસી બેલ્ટના ધારાસભ્ય અને પૂર્વ સાંસદ છે. આ બંનેની નિમણૂક માત્ર જોગાનુજોગ નથી, પરંતુ એક સુનિયોજિત રણનીતિનો ભાગ છે. આ સાથે જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આદિવાસી બેલ્ટના તમામ ધારાસભ્યો અને સાંસદોની તાત્કાલિક બેઠક બોલાવીને આ ક્ષેત્ર પર ફોકસ સ્પષ્ટ કરી દીધું છે.

રાજ્યમાં આદિવાસી અનામતની કુલ ૨૭ બેઠકો છે, જેમાંથી ભાજપ પાસે ૨૩ બેઠકો છે. ભાજપનો ટાર્ગેટ આ ૨૩ બેઠકો અકબંધ રાખીને કોંગ્રેસની ૩ અને આમ આદમી પાર્ટી (અઅડ)ની ૧ બેઠક આંચકી લેવાનો છે. આ એ જ ૪ બેઠકો છે જે ૧૫૬ના ઐતિહાસિક વાવાઝોડામાં પણ વિપક્ષ પાસે રહી હતી. સ્થાનિક સ્તરે કોઈ નારાજગી ન રહે તે માટે ભાજપે ભરૂચ અને નર્મદા જિલ્લાના પ્રમુખો પણ બદલી નાખ્યા છે.

ફેક્ટર 'આપ'ના ધારાસભ્ય ચૈતર વસાવા હાલ જેલમાં છે અને તેમને સાત વર્ષની સજા થઈ છે. જોકે, ભાજપ તેમને ધારાસભ્ય પદેથી ગેરલાયક ઠરાવવાની ઉતાવળ કરવા માંગતો નથી. ગત ચૂંટણીમાં ૧ લાખથી વધુ મતોથી જીતનાર ચૈતર વસાવા પ્રત્યે સહાનુભૂતિનું મોજું ઊભું ન થાય તે માટે ભાજપ સતર્ક છે. હાલ તેમની ગેરહાજરીમાં વસાવાના બંને પત્ની ડેડિયાપાડા મતક્ષેત્રમાં સક્રિય થઈ ગયા છે અને આદિવાસીઓના પ્રશ્નો ઉઠાવીને રાજકીય શૂન્યાવકાશ ન સર્જાય તેવા પ્રયાસો કરી રહ્યા છે. ભાજપની ગણતરી એવી છે કે વસાવાની કાનૂની લડાઈ લાંબી ચાલે અને તેમની બેઠક પર સામાન્ય ચૂંટણી સાથે જ પેટાચૂંટણી યોજાય.

### જાન્યુઆરીથી પાટીદાર વોટબેંક પર ફોકસ

આદિવાસી બેલ્ટને સાધ્યા બાદ, દિવાળી પછી અને ખાસ કરીને જાન્યુઆરી મહિનાથી ભાજપ પોતાની સૌથી મોટી અને મજબૂત વોટબેંક એવા પાટીદાર સમુદાયને 100% પોતાની સાથે રાખવાના પ્રયાસો તેજ કરશે. પાટીદાર સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓ વચ્ચે ભાજપ પ્રત્યે વફાદારી દર્શાવવા એક અઘોષિત 'સ્પર્ધા' થાય તેવું વાતાવરણ સર્જવામાં આવશે, જેથી ૨૦૨૭માં ૧૮૨ બેઠકો જીતવાનો રેકોર્ડ બનાવી ૨૦૨૯ની લોકસભા ચૂંટણી માટેનો મજબૂત પાયો નાખી શકાય. ભાજપ ૨૦૨૭ના જંગ માટે કોઈ જ ચાન્સ લેવા માંગતો નથી તે આ વહેલી શરૂ થયેલી કવાયત પરથી સ્પષ્ટ થાય છે.

# ગુજરાતમાં વૃદ્ધાશ્રમોની સંખ્યામાં ચિંતાજનક ઉછાળો

## બે જ વર્ષમાં આંકડો ૩૭૬ પર પહોંચ્યો : વિભક્ત કુટુંબ અને સંતાનોના સ્થળાંતરને કારણે દર પાંચ દિવસે એક નવું ઘરડાઘર ઉભું થઈ રહ્યું છે



અમદાવાદ, તા.૨૪

ગુજરાતમાં સંયુક્ત પરિવારની વર્ષો જૂની પરંપરા હવે ઝડપથી બદલાઈ રહી છે. યુવા પેઢી નોકરી, વ્યવસાય કે ઉચ્ચ અભ્યાસ અર્થે અન્ય મોટા શહેરો અથવા વિદેશમાં સ્થાયી થઈ રહી છે, જેના પરિણામે પાછળથી માતા-પિતા એકલવાયું જીવન જીવવા મજબૂર બન્યા છે. બદલાતી સામાજિક વ્યવસ્થાની સીધી અસર વૃદ્ધોના જીવન પર પડી રહી છે અને તેના જ કારણે ગુજરાતમાં વૃદ્ધાશ્રમોની માંગમાં સખત ઉછાળો આવ્યો છે. ભૂતકાળમાં વૃદ્ધાશ્રમ માત્ર નિરાધાર લોકો માટેનું આશ્રયસ્થાન મનાતું હતું, પરંતુ આજે તે પ્રાયવેટ 'સીનિયર કેર હોમ્સ' અને 'આસિસ્ટેડ લિવિંગ' જેવા એક મોટા સર્વિસ સેક્ટરમાં પરિવર્તિત થઈ ગયું છે.

વર્ષ ૨૦૨૬ના બિઝનેસ-લિસ્ટિંગ ડેટા પર નજર કરીએ તો ગુજરાતમાં હાલ આશરે ૩૭૬ જેટલા પ્રાયવેટ અને સંસ્થાકીય વૃદ્ધાશ્રમો તેમજ સીનિયર લિવિંગ અને કેર સેન્ટરો કાર્યરત છે. બે વર્ષ પહેલાંના અહેવાલો મુજબ આ આંકડો ૨૩૫ આસપાસ હતો. છેલ્લા ૨૪ મહિનામાં જ રાજ્યમાં ૧૪૦ જેટલી નવી સંસ્થાઓ ઉમેરાઈ છે. આ આંકડાઓ દર્શાવે છે કે સરેરાશ દર પાંચ દિવસે ગુજરાતમાં વૃદ્ધોની સંભાળ રાખતી એક નવી સંસ્થા ખુલી રહી છે. આ વધતી માંગને પહોંચી વળવા અમદાવાદ શહેરમાં અખબાર નગર, વાડજ, નારણપુરા અને વસ્ત્રાપુર જેવા વિસ્તારોમાં સીનિયર લિવિંગ સ્પેસ ઊભી કરવા માટે બંગલો અને ટેનામેન્ટની માંગ પણ નોંધપાત્ર રીતે વધી ગઈ છે.

સમગ્ર રાજ્યમાં વૃદ્ધ સંભાળના આ નવા નેટવર્કનું સૌથી મોટું કેન્દ્ર અમદાવાદ બની ગયું છે. એક સમયે જ્યાં અમદાવાદમાં માંડ ૧૫ જેટલા વૃદ્ધાશ્રમો હતા, ત્યાં આજે વિવિધ ડિરેક્ટરીઓમાં ૮૬ જેટલી સંસ્થાઓ લિસ્ટેડ છે. જેમાં ઓલ્ડ એજ હોમ, આસિસ્ટેડ લિવિંગ અને સ્પેશિયલ કેર સેન્ટરોનો સમાવેશ થાય છે. ગુજરાત સરકારના સમાજ સુરક્ષા વિભાગની સત્તાવાર યાદીમાં પણ અમદાવાદ ઉપરાંત ભાવનગર, વડોદરા, રાજકોટ, જામનગર, જૂનાગઢ, કચ્છ, દાહોદ, નર્મદા, પંચમહાલ, પાટણ અને સુરેન્દ્રનગર સહિતના જિલ્લાઓમાં વૃદ્ધાશ્રમો નોંધાયેલા છે. વિદેશ વસવાટ અને એકલવાયા જીવનને કારણે સર્જાયેલી વૃદ્ધોની આ સામાજિક મુશ્કેલી હવે એક ઝડપથી વિકસતા વ્યવસાયિક ક્ષેત્રનું રૂપ લઈ ચૂકી છે.

### શહેરોમાં નોંધાયેલા વૃદ્ધાશ્રમોની આંકડાકીય માહિતી

| શહેર | લિસ્ટેડ વૃદ્ધાશ્રમોની સંખ્યા |
| --- | --- |
| અમદાવાદ | ૮૬ |
| સુરત | ૬૩ |
| વડોદરા | ૪૮ |
| રાજકોટ | ૨૩ |
| જૂનાગઢ | ૧૭ |

**(નોંધ: ચાર મુખ્ય શહેરોમાં કુલ ૨૨૦ સંસ્થાઓ છે, જ્યારે ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના ડેટા મુજબ સમગ્ર ગુજરાતમાં અંદાજિત ૩૭૬ સંસ્થાઓ કાર્યરત છે)**

# યુવતીના ઈન્સ્ટાગ્રામ પરથી ફોટા ચોરી, બીભત્સ બનાવી કર્યા વાયરલ

## સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ સામે ગુનો



રાજકોટ, તા.૨૪

સોશિયલ મીડિયાના વધતા વ્યાપ વચ્ચે સાયબર ક્રાઈમના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. રાજકોટ શહેરમાં રહેતી એક યુવતીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાંથી ફોટા મેળવી, તેને એડિટ કરીને બીભત્સ બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કરનાર અજાણ્યા શખ્સ સામે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. આ ઘટનાને પગલે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી યુવતીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આ ચોંકાવનારો બનાવ ગત તારીખ ૧૯ સપ્ટેમ્બરના રોજ પ્રકાશમાં આવ્યો હતો. કોઈ અજાણ્યા વિકૃત માનસિકતા ધરાવતા શખ્સે શહેરની આ યુવતીના ઈન્સ્ટાગ્રામ પેજ પરથી તેના ઓરિજિનલ ફોટાઓ ડાઉનલોડ કર્યા હતા. ત્યારબાદ આ ફોટાઓને મોર્ફ કરીને અત્યંત બીભત્સ અને અશ્લીલ સ્વરૂપ આપી દેવામાં આવ્યું હતું. યુવતીને માનસિક ત્રાસ આપવા અને તેને સમાજમાં બદનામ કરવાના બદઈરાદે આરોપીએ આ બીભત્સ ફોટાઓ પાછા તે જ યુવતીના ઈન્સ્ટાગ્રામ પેજ પર ફોરવર્ડ કરીને વાયરલ કરવાનો પ્રયાસ કર્યો હતો.

પોતાના જ એડિટ કરેલા બીભત્સ ફોટાઓ જોઈને હેબતાઈ ગયેલી યુવતીએ હિંમત દાખવીને તાત્કાલિક સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે યુવતીની ફરિયાદના આધારે અજાણ્યા શખ્સ સામે આઈટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તપાસનીસ અધિકારીઓએ જણાવ્યું છે કે, જે ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી આ કૃત્ય કરવામાં આવ્યું છે, તેની ટેક્નિકલ વિગતો મેળવવા માટે પોલીસ દ્વારા ઈન્સ્ટાગ્રામને સત્તાવાર રિપોર્ટ કરવામાં આવ્યો છે. આઈપી એડ્રેસ અને એકાઉન્ટની ડિટેઈલ્સ મળતા જ આ ટપોરીને શોધીને કાયદાનું ભાન કરાવવામાં આવશે.

## સાબરમતીથી ૨૭ સપ્ટેમ્બરે DEMUનો થશે પ્રારંભ

# દેશની પહેલી LNG ટ્રેન ગુજરાતમાં

ગાંધીનગર, તા.૨૪

ભારતીય રેલવે દ્વારા સ્વચ્છ, પર્યાવરણને અનુકૂળ અને કિફાયતી રેલ પરિચાલનની દિશામાં મહત્ત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. સાબરમતી સ્થિત ઇન્ટિગ્રેટેડ કોચિંગ ડેપોમાં તૈયાર કરવામાં આવેલી દેશની પહેલી LNG આધારિત ડ્યુઅલ ફ્યુઅલ DEMUનું ૨૭ સપ્ટેમ્બરે સાબરમતી સ્ટેશનથી સત્તાવાર લોકાર્પણ કરવામાં આવશે. આ ઉઊખગમાં ડીઝલની સાથે LNGનો ઉપયોગ કરવામાં આવશે. આ પ્રથમ LNG ટ્રેનનું સાબરમતીથી પાટણ વચ્ચે સંચાલન કરવામાં આવશે.

સાબરમતી ડેપોમાં ૧૪૦૦ HP ક્ષમતાવાળી બે DEMUની ડ્રાઈવિંગ પાવર કાર(DPC)ને ડીઝલ+LNG ડ્યુઅલ ફ્યુઅલ સિસ્ટમમાં રૂપાંતરિત કરવામાં આવી છે. તેમાં ડીઝલના સ્થાને આશરે ૪૦ ટકા સુધી LNGનો ઉપયોગ થઈ શકે છે. બંને DPCનો અત્યાર સુધીમાં ૨ હજાર કિમીથી વધુનો સફળ ફિલ્ડ ટ્રાયલ પૂર્ણ થઈ ચૂક્યો છે. ટ્રાયલ બાદ હવે આ ટેક્નોલોજીને સત્તાવાર રીતે રેલવે સંચાલનમાં મૂકવામાં આવી રહી છે.

ડ્યુઅલ ફ્યુઅલ સિસ્ટમથી DEMUના ડીઝલ વપરાશમાં ઘટાડો થવાની શક્યતા છે. પરીક્ષણ દરમિયાન મળેલા આંકડા મુજબ ઇંધણ ખર્ચમાં નોંધપાત્ર બચત થઈ શકે છે. એક DPCથી આશરે રૂ.૧૧.૯ લાખની વાર્ષિક બચતનો અંદાજ છે, જ્યારે ૮-કોચની DEMU રેકના સંચાલનમાં આશરે રૂ.૨૩.૯ લાખની વાર્ષિક બચત શક્ય હોવાનું જણાવાયું છે. હાલ આ ટ્રેન સાબરમતીથી મહેસાણા, પાલનપુર અને આબુરોડ જેવા રૂટ પર નિયમિત રીતે દોડતી હોવાનું જણાવાયું છે.

LNGના ઉપયોગથી ઇંધણ ખર્ચ ઘટાડવાની સાથે પર્યાવરણ પર પણ સકારાત્મક અસર થવાની અપેક્ષા છે. LNG આધારિત સંચાલનથી CO÷, NOx અને પાર્ટિક્યુલેટ મેટર જેવા પ્રદૂષકોના ઉત્સર્જનમાં ઘટાડો કરવામાં મદદ મળશે. સાથે જ ડીઝલ પરની નિર્ભરતા ઘટાડીને વૈકલ્પિક ઇંધણના ઉપયોગને પ્રોત્સાહન મળશે. LNG ડ્યુઅલ ફ્યુઅલ સિસ્ટમથી સજ્જ DEMUનું ટેક્નિકલ પરીક્ષણ પણ કરવામાં આવ્યું છે. ટ્રેનનું ૨૨૨ કિમી પ્રતિ કલાક સુધીનું સ્પીડ ટ્રાયલ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. ટ્રાયલ દરમિયાન ડ્યુઅલ ફ્યુઅલ સિસ્ટમની કામગીરી અને સલામતીના વિવિધ પાસાં ચકાસવામાં આવ્યા હતા.



### ટ્રેનની મુખ્ય વિશેષતા

- ૨૭ સપ્ટેમ્બર, સાબરમતી સ્ટેશનથી લોકાર્પણ થશે. દેશની પહેલી LNG આધારિત ડ્યુઅલ ફ્યુઅલ DEMU. DPC: ૨, બંને ૧૪૦૦ HP ક્ષમતાની ડીઝલના સ્થાને આશરે ૪૦% સુધી
- ફિલ્ડ ટ્રાયલ: ૨ હજાર કિમીથી વધુ. એક DPC રૂ.૧૧.૯ લાખ, ૮-કોચ રેક રૂ.૨૩.૯ લાખ સુધી તેમજ ૨૨૨ કિમી પ્રતિ કલાક સુધી સ્પીડ ટ્રાયલ મનાઈ રહી છે.

## રાજકોટમાં શાંતિ રોળાઈ : સરાજાહેર વધુ એક કરપીણ હત્યા

# પ્રેમલગ્નનો ખાર રાખી સાળાએ બનેવીની લોથ ઢાળી

## સાળા સહિત બે શખ્સોએ ભક્તિનગર સર્કલ પાસે છરીના ઘા ઝીંકી રહેંસી નાખ્યો; 'મારા ભાઈને ફાંસીની સજા અપાવજો' પતિ ગુમાવનાર પત્નીની માગ

રાજકોટ તા. ૨૪

રાજકોટ:શાંત ગણાતા રાજકોટ શહેરમાં વધુ એક લોથ ઢળી છે અને હત્યાની ગંભીર ઘટના સામે આવી છે. શહેરના ભક્તિનગર સર્કલ પાસે ભરબપોરે એક ૨૭ વર્ષીય યુવાનને સરાજાહેર આંતરીને છરીના આડેધડ ઘા ઝીંકી ક્રૂરતાથી રહેંસી નાખવામાં આવ્યો હતો. મૃતક યુવાનની ઓળખ સહકાર રોડ પર રહેતા વિમલ ધર્મેશભાઈ વાણીયા (ઉ.વ. ૨૭) તરીકે થઈ હતી. સાત વર્ષ જૂના પ્રેમલગ્નનો ખાર રાખીને આ દારૂણ હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી અનુસાર, વિમલ વાણીયા ભક્તિનગર સર્કલ પાસે આવેલા કોલેજીયન પાન નજીક હતો, ત્યારે તેને બે શખ્સોએ રોકીને તકરાર કરી હતી. મૃતકની પત્ની શીતલના જણાવ્યા મુજબ, તેના ભાઈ કમલેશે આરસી બુક લેવાના બહાને વિમલને ત્યાં બોલાવ્યો હતો. તકરાર ઉગ્ર બનતાં કમલેશ તથા તેની સાથેના શખ્સે છરી કાઢી વિમલની છાતી, હાથ અને પડખાના ભાગે આડેધડ ૬ થી ૭ જેટલા ઘા ઝીંકી દીધા હતા.

ભરબપોરે સરાજાહેર બનેલી આ ઘટનાથી ચીસાચીસ અને ભાગદોડ મચી ગઈ હતી. વિમલ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો અને દેકારો થતાં લોકો એકઠા થઈ જતાં હુમલાખોરો નાસી છૂટ્યા હતા. બનાવ બાદ ૧૦૮ મારફતે તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો





હતો, પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે વિમલે શીતલ નામની યુવતી સાથે આજથી સાત વર્ષ પહેલા પ્રેમલગ્ન કર્યા હતા. ત્યારથી જ શીતલના પરિવારજનો આ લગ્નના વિરોધમાં હોવાથી તેમણે દીકરી સાથે સંબંધો તોડી નાખ્યા હતા. પતિની દર્દનાક હત્યાથી ભાંગી પડેલી પત્ની શીતલે આક્રોશ સાથે જણાવ્યું હતું કે, ''RC બુક લેવાના બહાને બોલાવી મારા ભાઈ કમલેશે મારા પતિને મોતના ઘાટ ઉતારી દીધો છે. હું અને મારો દીકરો નોધારા થઈ ગયા છીએ, મારા ભાઈને ફાંસીની સજા જ અપાવજો.''

બનાવની જાણ થતાં જ એસીપી બી.વી. જાધવ, પીઆઈ જે. ડી. પરમાર, રાઈટર આસિ. સબ ઈન્સ. નિલેશભાઈ મકવાણા સહિત ભક્તિનગર પોલીસ સ્ટાફ, ક્રાઈમ બ્રાન્ચ અને એલસીબી ઝોન ૧ ની ટીમો ઘટનાસ્થળે તથા હોસ્પિટલે પહોંચી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

ભક્તિનગર પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી માતાની ફરિયાદ પરથી હત્યાનો ગુનો નોંધવા તજવીજ કરી છે. પોલીસે મુખ્ય આરોપી સાળા કમલેશની અટકાયત કરી લીધી છે. તેની સાથે અન્ય કયા શખ્સની સંડોવણી હતી તે દિશામાં પણ પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

### રાજકોટ શહેરમાં ચાલુ વર્ષે અપૂરતા વરસાદના કારણે પીવાના પાણીનું ઘેરૂં સંકટ

# ડેમો તળિયાઝાટક ને મનપાના દાવા પોકળ

## ૨૯૪ બોર રિચાર્જમાં 'નવા રાજકોટ' સાથે સાવકો વ્યવહાર, વોર્ડ નં. ૧૧-૧૨માં કામગીરી શૂન્ય!

રાજકોટ, તા. ૨૪

રાજકોટ શહેરમાં ચાલુ વર્ષે અપૂરતા વરસાદના કારણે પીવાના પાણીનું ઘેરૂં સંકટ તોળાઈ રહ્યું છે, ત્યારે જળસંચયની કામગીરી અને મુખ્ય જળાશયોની સ્થિતિ અંગે સામે આવેલા આંકડાઓએ તંત્રની કારોબારી પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. એક તરફ શહેરની તરસ છિપાવતા મુખ્ય ડેમો તળિયાઝાટક થઈ રહ્યા છે અને નર્મદાના 'સૌની' યોજનાના નીરના ભરોસે જળસ્તર જાળવી રાખવાની નોબત આવી છે, તો બીજી તરફ ગ્રાઉન્ડ વોટર રિચાર્જ કરવાના મનપાના દાવાઓમાં ભારે અસમાનતા અને પક્ષપાત છતો થયો છે.

મહાનગરપાલિકા દ્વારા છેલ્લા એક વર્ષમાં અલગ-અલગ વિસ્તારોમાં કુલ રૂ. ૨૪.૬૪ લાખના ખર્ચે ૨૯૪ બોર રિચાર્જ કરવામાં આવ્યા હોવાનો દાવો કરાયો છે. જોકે, આ આંકડાઓનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવે તો ઝોન વાઈઝ થયેલી કામગીરીમાં જમીન-આસમાનનો તફાવત જોવા મળે છે. પૂર્વ ઝોનમાં રેકોર્ડબ્રેક ૧૫૫ બોર રિચાર્જ કરાયા છે, જ્યારે મધ્ય ઝોનમાં ૮૫ બોર રિચાર્જ થયા છે. પરંતુ ચોંકાવનારી વાત એ છે કે 'નવા રાજકોટ' તરીકે ઓળખાતા પશ્ચિમ ઝોનમાં માત્ર ૫૪ બોર જ રિચાર્જ કરવામાં આવ્યા છે.

પશ્ચિમ ઝોનના વોર્ડ વાઈઝ આંકડા તો તંત્રની ઘોર બેદરકારી છતી કરે છે. વેસ્ટ ઝોનના વોર્ડ નં. ૧માં ૧૫, વોર્ડ નં. ૮માં ફક્ત ૫, વોર્ડ નં. ૯માં ૭ અને વોર્ડ નં. ૧૦માં ૨૭ બોર રિચાર્જ કરાયા છે, જ્યારે વોર્ડ નં. ૧૧ અને વોર્ડ નં. ૧૨માં તો 'શૂન્ય' બોર રિચાર્જ થયા છે! એટલે કે આ બંને વોર્ડને જળસંચયની કામગીરીમાં સાવ કોરાધાકોર રાખવામાં આવ્યા છે. આ ઝોનમાં ઝોનલ એજન્સી મારફતે માત્ર ૨ અને સંસ્થા મારફતે ૫૨ મળીને માંડ ૫૪ બોરનો આંકડો પહોંચ્યો છે.



અન્ય ઝોનની વાત કરીએ તો, સેન્ટ્રલ ઝોનમાં વોર્ડ નં. ૨માં ૩૪, વોર્ડ નં. ૩માં ૧૯, વોર્ડ નં. ૭માં માત્ર ૪, વોર્ડ નં. ૧૩માં ૬, વોર્ડ નં. ૧૪માં ૮ અને વોર્ડ નં. ૧૭માં ૧૪ બોર રિચાર્જ કરાયા છે. આ ઝોનમાં સંસ્થા મારફતે ૬૪ અને ઝોનલ એજન્સી મારફતે માંડ ૩ મળી કુલ ૮૫ બોર રિચાર્જ થયા છે. સૌથી વધુ કામગીરી ઈસ્ટ ઝોનમાં થઈ છે, જ્યાં વોર્ડ નં. ૪માં ૩૨, વોર્ડ નં. ૫માં ૯, વોર્ડ નં. ૬માં ૪૧, વોર્ડ નં. ૧૫માં ૧૭, વોર્ડ નં. ૧૬માં ૧૪ અને વોર્ડ નં. ૧૮માં ૪૨ બોર રિચાર્જ કરાયા છે. અહીં સંસ્થા મારફતે ૫૮ અને એજન્સી મારફતે ૯૭ મળીને ૧૫૫ બોર રિચાર્જ કરાયા છે. સમગ્ર શહેરમાં મનપા દ્વારા સામાજિક સંસ્થાઓના ભરોસે ૧૭૪ બોર અને પોતાની ઝોનલ એજન્સીઓ મારફતે માત્ર ૧૨૦ બોર રિચાર્જ કરાયા હોવાનું સામે આવ્યું છે.

ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાની આ ધીમી અને અસમાન કામગીરી વચ્ચે શહેરના જળાશયોની સ્થિતિ અત્યંત ભયજનક સ્તરે પહોંચી ગઈ છે. આજી ડેમની કુલ ઊંડાઈ ૨૯ ફૂટ છે, જેમાં અપૂરતા વરસાદને કારણે પાણી ખૂટી પડતા 'સૌની' યોજનાનું પાણી શરૂ કરવામાં આવ્યું છે અને હાલ ડેમની સપાટી ૨૨.૩૦ ફૂટ પર પહોંચી છે. આવી જ રીતે ૨૫.૧૦ ફૂટની ઊંડાઈ ધરાવતા ન્યારી-૧ ડેમમાં પણ સૌનીના નીર ઠાલવવાનું શરૂ કરાતા માત્ર ૦.૧૬ ફૂટના મામૂલી વધારા સાથે લેવલ ૧૭.૬૦ ફૂટ થયું છે. શહેરને દૈનિક ૪૦ ખક્ઉ પાણી પૂરું પાડતા ભાદર-૧ ડેમની સ્થિતિ સૌથી વધુ ચિંતાજનક છે. ૩૪ ફૂટની સપાટી ધરાવતા ભાદર-૧ ડેમમાં હાલ માત્ર ૧૭.૨૦ ફૂટ પાણી બચ્યું છે, જે ટકાવારીની દ્રષ્ટિએ માત્ર ૨૦.૩૫ ટકા જ જળસંગ્રહ દર્શાવે છે. ચોમાસાની ખેંચ અને ડેમોમાં તળિયા દેખાવાની સ્થિતિ વચ્ચે જો મનપા દ્વારા બોર રિચાર્જ જેવી મહત્ત્વની કામગીરીમાં તમામ વોર્ડ સમક્ષ સમાન નીતિ નહીં અપનાવાય, તો આગામી દિવસોમાં રાજકોટવાસીઓએ આકરા જળસંકટનો સામનો કરવો પડે તેવી પૂરેપૂરી શક્યતાઓ સેવાઈ રહી છે.

# મનપાનો સેવા સેતુ કાર્યક્રમ

## નાગરિકોને ઘરઆંગણે સરકારી સેવાઓનો લાભ લેવા અનુરોધ વિધાનસભા-૭૦માં ૧૨મા તબક્કાનો કેમ્પ યોજાયો

રાજકોટ, તા. ૨૪

સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ પ્રજાને સતત, સરળતાથી અને પારદર્શક રીતે પોતાના રહેઠાણના નજીકના સ્થળે જ તે જ દિવસે પ્રાપ્ત થઈ શકે તેવા ઉમદા હેતુથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત તા.૨૪-૦૯-૨૦૨૬ના રોજ વિધાનસભા-૭૦ (દક્ષિણ) વિસ્તારમાં આવેલ વિનોદભાઈ શેઠ કોમ્યુનિટી હોલ, કોઠારીયા મેઈન રોડ ખાતે બારમાં તબક્કાનો સેવા સેતુ શહેરી કાર્યક્રમ યોજાયો હતો. રાજકોટ મહાનગરપાલિકાના મેયર ડૉ. નેહલ શુક્લના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા ડૉ. હિરેનભાઈ ખીમાણીયા, શાસક પક્ષ દંડક સંજયસિંહ રાણા સહિતના સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ અને બોહળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય અને સ્વાગત વિધિ બાદ લાભાર્થીઓને ટોકન સ્વરૂપે વિવિધ યોજનાઓની સહાય અર્પણ કરવામાં આવી હતી.




આ પ્રસંગે મેયર ડૉ. નેહલ શુક્લ અને ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે, સામાન્ય નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓ અને પ્રમાણપત્રો મેળવવા માટે જુદી જુદી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તે માટે સરકાર પોતે લોકોના આંગણે પહોંચી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહેલા આ કેમ્પમાં આધાર નોંધણી તથા સુધારા, આયુષ્માન ભારત કાર્ડ, સીનિયર સીટીઝન અને દિવ્યાંગ બસ કન્સેશન પાસ, જન્મ-મરણ અને લગ્ન નોંધણી પ્રમાણપત્ર, આવક અને જાતિના દાખલા, રેશનકાર્ડ સંબંધિત ઈ-કેવાયસી અને સુધારા, પ્રોપર્ટી ટેક્સ, પીએમ સ્વાનીધિ, નિરાધાર વૃદ્ધ સહાય, ગંગા સ્વરૂપા સહાય, કુંવરબાઈનું મામેરું અને નવી બેંક ખાતા ખોલવા જેવી વિવિધ સરકારી સેવાઓ સ્થળ પર જ પૂરી પાડવામાં આવી રહી છે. સાથોસાથ મેયરે દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાના મિશનમાં જોડાઈને સ્વચ્છતા જાળવવા નાગરિકોને અપીલ કરી હતી. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં તા.૨૫-૦૯-૨૦૨૬ના રોજ સંત વેલનાથ કોમ્યુનિટી હોલ (મોરબી રોડ), તા.૨૮-૦૯-૨૦૨૬ના રોજ રણુજા મંદિર (કોઠારીયા ગામ) અને તા.૦૧-૧૦-૨૦૨૬ના રોજ કવિ અમૃત ઘાયલ કોમ્યુનિટી હોલ (યુનિ. રોડ) ખાતે પણ આ સેવા સેતુ કેમ્પ યોજાનાર હોઈ, શહેરીજનોને પોતાના જ વિસ્તારમાં આ યોજનાઓનો મહત્તમ લાભ લેવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

# રોગચાળા સામે RMCનું 'હાઈટેક' યુદ્ધ

## AI અને ડ્રોન ટેકનોલોજીથી મચ્છરના ૪,૭૦૦થી વધુ ઉત્પત્તિ સ્થાનો



રાજકોટ, તા. ૨૪

રાજકોટ શહેરમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા મચ્છરજન્ય તેમજ પાણીજન્ય રોગચાળાને અટકાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા પરંપરાગત પદ્ધતિઓની સાથે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. રોગચાળા નિયંત્રણમાં પરંપરાગત રીતોથી એક કદમ આગળ વધીને RMC દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડ્રોન ટેકનોલોજીનો સફળ ઉપયોગ કરીને હાઈ-રિસ્ક વોર્ડ (વોર્ડ નં. ૩, ૪, ૧૧, ૧૩ અને ૧૮) ના ૫૯.૩૯ ચો.કિ.મી. વિસ્તારમાં ડ્રોનથી સર્વે હાથ ધરવામાં આવ્યો છે.

આ ડ્રોન સર્વે દરમિયાન મચ્છર ઉત્પત્તિના કુલ ૪૭૩૧ સંભવિત સ્થાનો (બ્રીડિંગ સોર્સ) શોધી કાઢવામાં આવ્યા છે, જેમાંથી ૧,૩૪૦ સ્થળો પર ક્ષેત્રીય કર્મચારીઓ દ્વારા સોર્સ રીડક્શન અને જંતુનાશક દવા છંટકાવની કામગીરી હાથ ધરાઈ છે. આ ઉપરાંત, વોકળા, નદીના પટ તથા દુર્ગમ ખાડા-ખાબોચિયાંમાં અત્યાર સુધીમાં ડ્રોન દ્વારા કુલ ૪૦ કલાક અને ૦૯ મિનિટ જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે. આ સાથે ૧૯ સપ્ટેમ્બર થી ૨૩ સપ્ટેમ્બર દરમિયાન આરોગ્ય ટીમ, અર્બન આશા અને MPHW દ્વારા શહેરમાં કુલ ૧,૫૦,૧૭૨ ઘરોમાં પોરાનાશક અને ૯૩૩ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે. મચ્છર ઉત્પત્તિ અટકાયત ઝુંબેશ હેઠળ બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ અને કોમર્શિયલ કોમ્પ્લેક્સ સહિત રહેણાંક સિવાયના ૪૦૯ પ્રીમાઈસીસની તપાસ કરી નિયમભંગ બદલ રહેણાંક વિસ્તારમાં ૩૧૨ અને કોમર્શિયલ વિસ્તારમાં ૯૨ આસામીઓને નોટિસ ફટકારી વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો છે. પાણીજન્ય રોગચાળાના નિયંત્રણ માટે પણ આરોગ્ય શાખા દ્વારા ૩,૦૪,૫૫૬ વસ્તીનો સર્વે કરી ૬,૫૫૯ ક્લોરીન ટેબ્લેટ અને ૭૪૩ ORS પેકેટનું વિતરણ કરવા સાથે ૩,૪૮૪ R.C. ટેસ્ટ કરવામાં આવ્યા છે. RMC ની આરોગ્ય શાખા દ્વારા નાગરિકોને ઘરમાં કે આસપાસ ચોખ્ખું પાણી જમા ન થવા દેવા, ઉકાળેલું પાણી પીવા અને ડ્રોન તથા પોરાનાશક કામગીરી માટે આવતી ટીમોને સંપૂર્ણ સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

# હિટ એન્ડ રનમાં ખેત મજૂરનો જીવ ગયો

## બાબરા નજીક બનાવઃ મજૂરીએ જતાં પ્રૌઢને કારનો ચાલક ઉલાળીને ભાગી ગયો



રાજકોટ તા. ૨૪

બાબરા નજીક કોટડાપીઠા ગામ પાસે હિટ એન્ડ રનના બનાવમાં મુળ મધ્યપ્રદેશના ખેતમજૂરનું મોત થયું છે. આ પ્રૌઢ બાઈક હંકારી મજુરીએ જતાં હતાં ત્યારે કારનો ચાલક ઠોકરે લઈ ભાગી ગયો હતો. બાબરામાં રહેતાં ટીકારામ ટોટીયાભાઈ રાવત નામના પચાસ વર્ષના પ્રૌઢ બાબરાથી બાઈક હંકારી કોટડાપીઠા ગામે ખેત મજૂરી કરવા જતાં હતાં ત્યારે રસ્તામાં અજાણી કારનો ચાલક ઠોકરે લઈ ભાગી જતાં ગંભીર ઈજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમા ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં મજૂર પરિવારમાં શોક છવાઈ ગયો હતો. મૃત્યુ પામનારને સંતાનમાં એક દિકરી અને પાંચ દિકરા છે. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે બાબરા પોલીસને કરતાં જીવલેણ અકસ્માત સર્જી ભાગી ગયેલા કાર ચાલકને શોધવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

### કેન્દ્ર સરકાર દ્વારા UPI પેમેન્ટ પર નવો ચાર્જ ઝીંકવાનો નિર્ણય લેવાતાં જ સમગ્ર દેશના વેપાર જગતમાં ભારે વિરોધ

# ૨ ઓક્ટોબરે ડિજિટલ ઈન્ડિયા પર બ્રેક

## UPI પર ચાર્જ સામે દેશભરના વેપારીઓનો હલ્લાબોલ, 'કેશ ઓન્લી'નું એલાન : પહેલાથી જ મોંઘવારી અને સ્પર્ધાના યુગમાં આ વધારાનો આર્થિક બોજ તિજોરી પર પડશે

રાજકોટ, તા. ૨૪

કેન્દ્ર સરકાર દ્વારા UPI પેમેન્ટ પર નવો ચાર્જ ઝીંકવાનો નિર્ણય લેવાતાં જ સમગ્ર દેશના વેપાર જગતમાં ભારે વિરોધ અને હોબાળાનો માહોલ સર્જાયો છે. માત્ર રૂ. ૨,૦૦૦થી વધુની નાની રકમ પર પણ વધારાનો ચાર્જ વસૂલવાની જોગવાઈ કરાતા નાના-મોટા તમામ વેપારીઓમાં તીવ્ર રોષ અને અસંતોષની લાગણી ફરી વળી છે. વેપારીઓનું સ્પષ્ટપણે માનવું છે કે પહેલાથી જ મોંઘવારી અને સ્પર્ધાના યુગમાં આ વધારાનો આર્થિક બોજ તેમની તિજોરી પર પડશે, જેને સહન કરવા તેઓ કોઈ પણ ભોગે તૈયાર નથી.

આ નિર્ણયના વિરોધમાં હવે સમગ્ર દેશના નાના-મોટા વેપારી મંડળો એકજૂથ થઈ ગયા છે અને કેન્દ્ર સરકાર સામે આરપારની લડાઈ લડવા માટે આગામી ૨ ઓક્ટોબરના રોજ દેશવ્યાપી ''UPI પેમેન્ટ બહિષ્કાર''નું આક્રમક એલાન કરવામાં આવ્યું છે. આ લડતના ભાગરૂપે તે દિવસે આખા દેશમાં કોઈ પણ વેપારી, દુકાનદાર કે વેપાર સંસ્થાન ડિજિટલ માધ્યમથી કે UPI દ્વારા ચૂકવણી સ્વીકારશે નહીં. આ દેશવ્યાપી આંદોલનને સમર્થન આપતા 'રાજકોટ હોલસેલ મર્ચન્ટ એસોસિએશન' દ્વારા પણ ૨ ઓક્ટોબરે UPI પેમેન્ટ સંપૂર્ણપણે બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત રાજકોટ શહેરના અન્ય ત્રણ અગ્રણી વેપારી એસોસિએશનો અને સમગ્ર ગુજરાતના વેપારી મંડળો પણ આ બહિષ્કારના સમર્થનમાં ખુલ્લેઆમ આવી ગયા છે.

હાલ માત્ર રાજકોટ શહેરના જ ૨,૦૦૦થી વધુ નાના-મોટા વેપારીઓ આ વિરોધ પ્રદર્શનમાં સક્રિય રીતે જોડાઈ ચૂક્યા છે અને આગામી દિવસોમાં રાજ્યભરમાંથી વધુ વેપારી મંડળો આ લડતમાં જોડાય તેવી પૂરેપૂરી શક્યતા છે. વર્તમાન સમયમાં મોટા ભાગના નાગરિકો અને ખાસ કરીને યુવાવર્ગ રોકડ વ્યવહારો છોડીને માત્ર સ્માર્ટફોન અને UPI દ્વારા જ દૈનિક લેવડ-દેવડ કરવા ટેવાયેલો છે. તેવામાં ૨ ઓક્ટોબરે એક આખો દિવસ વેપારીઓ દ્વારા UPI સિસ્ટમ બંધ રાખવામાં આવનાર હોવાથી સામાન્ય જનતાને ખરીદી, શાકભાજી કે દૈનિક વ્યવહારોમાં ભારે હાલાકી અને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

આ સંભવિત કટોકટીને ધ્યાનમાં રાખીને વેપારી મંડળોએ ગ્રાહકોને અગાઉથી ચેતવતા તે દિવસે કોઈ પણ અગવડતાથી બચવા માટે સાથે પૂરતી રોકડ રકમ રાખવા ખાસ અનુરોધ કર્યો છે. ૨ ઓક્ટોબરે વિરોધને સફળ બનાવવા માટે તમામ વેપારીઓ પોતાની દુકાનો પર લગાવેલા QR સ્કેનર જ કપડા કે કાગળથી ઢાંકી દેશે, જેથી કોઈ ગ્રાહક ડિજિટલ પેમેન્ટ કરી જ ન શકે અને સરકાર સુધી વેપારીઓનો આકરો વિરોધ પહોંચાડી શકાય.



# રેલો આવશે

## સૌરાષ્ટ્રમાં પાણીની અછત નેતૃત્વની આકરી કસોટી



સૌરાષ્ટ્રની ધરા પર ઘણાં વર્ષે પાણીની અછતનું કાળું ડિબાંગ વાદળ ઘેરાઈ રહ્યું છે. પ્રદેશના અનેક નાના-મોટા જળાશયો તળિયાઝાટક થઈ ચૂક્યા છે. હવામાન વિભાગની સત્તાવાર આગાહી મુજબ ચોમાસું હવે વિદાયના આરે પહોંચી ગયું છે. વરસાદની બાકી રહેલી આશાઓ હવે માત્ર બંગાળની ખાડીમાં સર્જાયેલા વાવાઝોડા પર ટકેલી છે. આ સિસ્ટમની ગતિ અને દિશા કેવાં રહે છે, તેના પર સૌરાષ્ટ્રનું જળ-ભવિષ્ય નિર્ભર બન્યું છે. જો આ વાવાઝોડું યોગ્ય દિશામાં ન ફંટાય, તો પાણીનો મોટો કાપ ઝીંકવો પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે. એક અંદાજ પ્રમાણે સૌરાષ્ટ્રભરના જળાશયોમાં સરેરાશ માત્ર ૪૪ ટકા પાણી સંગ્રહિત થયું છે.

આ કપરા કાળ વચ્ચે એકમાત્ર રાહતના સમાચાર નર્મદા ડેમના છે. સરદાર સરોવર જળાશયમાં ભરપૂર જળરાશિ સંગ્રહિત છે, જે મુખ્ય આશાનું કિરણ છે. પરંતુ આ પાણીને સૌરાષ્ટ્રના છેવાડાના ગામડાઓ સુધી સમયસર પહોંચાડવું એ જ ખરી વહીવટી કુશળતા છે. આજે સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતના અનેક વિસ્તારોમાં દુષ્કાળ જેવાં એંધાણ વર્તાઈ રહ્યાં છે. ખેડૂતો માટે પિયતનું પાણી અને ગ્રામીણ જનતા માટે પીવાનું પાણી પૂરું પાડવું એ તંત્ર માટે અતિ જટિલ અને મોટો પડકાર બની ચૂક્યો છે.

આ સમગ્ર સંકટ વચ્ચે રાજકીય પારો પણ ઊંચકાયો છે. રાજ્યમાં ટૂંક સમયમાં જ વિધાનસભાની ચૂંટણીઓની તૈયારીઓ શરુ થઈ રહી છે. ચૂંટણીના જ મહત્વના વર્ષમાં આ પ્રકારે પાણીની તંગી ઊભી થવી, તે શાસક પક્ષ માટે મોટો રાજકીય પડકાર ગણાય. પાણી જેવી પાયાની જરૂરિયાત મેળવવા જો જનતાને રસ્તે ઊતરવું પડે, તો તેની સીધી અસર મતદાન પર પડી શકે છે. ચૂંટણી ટાણે પ્રજામાં અસંતોષ ન ફેલાય તે જોવું સરકાર માટે અનિવાર્ય બની ગયું છે.

આ સ્થિતિ માત્ર કુદરતી આપત્તિ નથી, પરંતુ નેતૃત્વની સાચી પરીક્ષા છે.

પાણીના યોગ્ય વિતરણનું આયોજન, કેનાલોના લીકેજ અટકાવવા અને ટેન્કર રાજ નાબૂદ કરવું એ પ્રાથમિકતા હોવી જોઈએ. જો અત્યારથી જ યોગ્ય આયોજન કરવામાં નહીં આવે, તો આગામી ઉનાળા સુધીમાં પરિસ્થિતિ ગંભીર બનશે. વહીવટી તંત્ર અને રાજકીય નેતૃત્વ કેવી રીતે આ સંકટમાંથી સૌરાષ્ટ્રને ઉગારે છે, તેના પર સૌની નજર ટકેલી છે. જો યોગ્ય પગલાં ઝડપથી ન લેવાયા, તો પાણીનો આ રેલો સમગ્ર રાજ્યની રાજનીતિને પણ અસર કરશે.

# UNSC સુધારાઓ પર G4 દેશોની ગર્જના

## ન્યૂયોર્કમાં મંથન પછી, હવે ભારતના ત્રણ મિત્રો દિલ્હીમાં ભેગા થશે

નવીદિલ્હી, તા. ૨૪

ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૮૧મા સત્ર દરમિયાન, G4 દેશો, ભારત, બ્રાઝિલ, જર્મની અને જાપાનના વિદેશ પ્રધાનો મળ્યા. આ બેઠકમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારા અને કાયમી અને બિન-કાયમી બંને શ્રેણીઓમાં સભ્યપદના વિસ્તરણની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો. મોટાભાગના દેશો પર સભ્યોના મંતવ્યોને અવગણવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. બેઠકમાં ૮૦ વર્ષ જૂના માળખાને મુખ્ય સમસ્યા તરીકે ઓળખવામાં આવી હતી. ન્યૂયોર્કમાં થયેલી ચર્ચા બાદ, હવે દિલ્હીમાં એક સમીક્ષા બેઠક યોજાશે. બ્રાઝિલના વિદેશ પ્રધાન મૌરો વિએરા, જર્મન વિદેશ પ્રધાન ડો. જોહાન ડેવિડ વાડેફુલ, ભારતીય વિદેશ પ્રધાન ડો. એસ. જયશંકર અને જાપાનના વિદેશ પ્રધાન મોટેગી તોશિમિત્સુએ UNSC સુધારા પર આંતર-સરકારી વાટાઘાટો (IGN) હેઠળ ૮૦મા UNGA સત્રમાં યોજાયેલી ચર્ચાઓની સમીક્ષા કરી. તેઓએ વર્તમાન પરિસ્થિતિ અને સુરક્ષા પરિષદ સુધારા માટેની સંભાવનાઓ પર પણ ચર્ચા કરી.




G4 એ જણાવ્યું હતું કે વર્તમાન પડકારજનક ભૂ-રાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારા પહેલા કરતાં વધુ તાકીદના બની ગયા છે. G4 મંત્રીઓના મતે, ઞગર્જાઈ હાલમાં આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા જાળવવાની તેની પ્રાથમિક જવાબદારી અસરકારક રીતે પૂર્ણ કરવામાં અસમર્થ છે. પરિષદની પ્રતિનિધિત્વ, કાયદેસરતા, વિશ્વસનીયતા અને અસરકારકતા અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. G4 એ જણાવ્યું હતું કે આનું એક મુખ્ય કારણ આઠ દાયકા જૂની સિસ્ટમ છે જે આજની ભૂ-રાજકીય વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરતી નથી. G4 ના મતે, આ સિસ્ટમ શાંતિ અને સુરક્ષા સંબંધિત વર્તમાન અને ભવિષ્યના પડકારોનો સામનો કરવાની ક્ષમતાને પણ અવરોધે છે. G4 એ ભાર મૂક્યો હતો કે સુરક્ષા પરિષદમાં સુધારા શક્ય તેટલી વહેલી તકે અમલમાં મૂકવા જોઈએ જેથી પરિષદ વર્તમાન ભૂ-રાજકીય વાસ્તવિકતાઓ અનુસાર અસરકારક રીતે કાર્ય કરી શકે. G4 એ સ્પષ્ટ કર્યું હતું કે UNSC સુધારાના ભાગ રૂપે કાયમી અને બિન-કાયમી બંને શ્રેણીઓમાં સભ્યપદનું વિસ્તરણ મહત્વપૂર્ણ છે. G4 દેશોએ જણાવ્યું હતું કે મોટાભાગના UN સભ્ય દેશો આ અભિગમને સમર્થન આપે છે.

G4 એ જણાવ્યું હતું કે સુરક્ષા પરિષદમાં ઓછા પ્રતિનિધિત્વ ધરાવતા અથવા અત્યાર સુધી બિન-પ્રતિનિધિત્વ ધરાવતા પ્રદેશોની ભાગીદારી વધારવી જોઈએ. વધુમાં, આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા જાળવવામાં નોંધપાત્ર યોગદાન આપતા સભ્ય દેશોની સુરક્ષા પરિષદમાં ભાગીદારી વધારવી જોઈએ. G4 એ ૮૦મા UNGA સત્ર દરમિયાન IGN ખાતે આફ્રિકન જૂથ દ્વારા રજૂ કરાયેલ UNSC સુધારા મોડેલનું સ્વાગત કર્યું. ૧૮ વર્ષ જૂની IGN પ્રક્રિયા પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો.

G4 એ છેલ્લી IGN બેઠકમાં પ્રગતિના અભાવ પર ચિંતા વ્યક્ત કરી. UN ચાર્ટર અને IGN આદેશને ટાંકીને, G4 એ જણાવ્યું કે સુરક્ષા પરિષદ સુધારા પર નિર્ણય લેવા માટે સર્વસંમતિ ફરજિયાત માપદંડ નથી. G4 એ જણાવ્યું કે UNSC સુધારા પર ચર્ચાઓ ફક્ત IGN સુધી મર્યાદિત હોવી જોઈએ નહીં. ચારેય દેશોએ જણાવ્યું કે તેઓ લોકશાહી છે અને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા જાળવવાની UNSC ની પ્રાથમિક જવાબદારીમાં યોગદાન આપવાની ઇચ્છા અને સાબિત ક્ષમતા ધરાવે છે. આગામી સમીક્ષા નવી દિલ્હીમાં થશે, જ્યાં આ ચર્ચાઓની સમીક્ષા કરવામાં આવશે.

# IIT બોમ્બે આત્મહત્યા કેસ

## રાહુલ ગાંધીએ સાહિલના પરિવાર સાથે ફોન પર વાત કરી, કહ્યું ન્યાય અપાવવામાં મદદ કરશે

નવીદિલ્હી, તા. ૨૪

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મૃતક IIT બોમ્બેના વિદ્યાર્થી સાહિલ વાકોડેના માતા-પિતા સાથે વાત કરી. વિપક્ષના નેતાએ તેમને તેમના પુત્ર માટે ન્યાય મેળવવાની લડાઈમાં શક્ય તમામ સહયોગ આપવાની ખાતરી આપી. રાહુલ ગાંધીએ રવિન્દ્ર અને સોનાલી વાકોડે સાથે વાશિમ જિલ્લામાંથી મુંબઈ જઈ રહ્યા હતા ત્યારે વીડિયો કોલ દ્વારા વાત કરી. લગભગ ૧૭ મિનિટની વાતચીત દરમિયાન, તેમણે સાહિલના માતા-પિતાને ખાતરી આપી કે તેઓ તેમની સાથે છે અને તેમને શક્ય તમામ સહાયનું વચન આપ્યું છે. માતા-પિતાએ જાહેરાત કરી છે કે તેઓ ગુરુવાર સવારે ૧૧ વાગ્યાથી IIT બોમ્બેના ગેટ સામે અનિશ્ચિતકાળ માટે ભૂખ હડતાળ શરૂ કરશે. સાહિલના માતા-પિતા કહે છે કે તેણે જાતિ આધારિત દુર્વ્યવહારની ફરિયાદ કરી હતી. મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાન્ચ સાહિલના મૃત્યુની તપાસ કરી રહી છે.




IIT બોમ્બેનો દાવો છે કે તેના SC/ST સેલને સાહિલના મૃત્યુ પહેલા કોઈ ફરિયાદ મળી ન હતી. સંસ્થાએ ઘટનાની આસપાસના સંજોગોની તપાસ માટે ૧૦ સભ્યોની સમિતિ પણ બનાવી છે. સાહિલ IIT બોમ્બેમાં બીજા વર્ષનો બી.ટેકનો વિદ્યાર્થી હતો. ૧૮ સપ્ટેમ્બરની સાંજે સાહિલ તેના હોસ્ટેલ રૂમમાં લટકતો મળી આવ્યો હતો. કલાકો પહેલા, તે તેની મિડ-સેમેસ્ટર પરીક્ષા દરમિયાન ચેટજીપીટીનો ઉપયોગ કરતા કથિત રીતે મોબાઇલ ફોન સાથે પકડાયો હતો. એફઆઈઆરમાં નામ આપવામાં આવેલ ફેકલ્ટી સભ્ય સૂર્યનારાયણ દુલા પર જાતિ ભેદભાવના આધારે આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ છે. આ મામલાની નિષ્પક્ષ તપાસ સુનિશ્ચિત કરવા માટે તેમને રજા પર ઉતારી દેવામાં આવ્યા છે. બુધવારે, કેટલીક ટીવી ચેનલોએ પરીક્ષા હોલમાંથી સીસીટીવી ફૂટેજ પ્રસારિત કર્યા હતા, જેમાં સાહિલની કૃત્યો કેદ કરવામાં આવી હતી. ફૂટેજમાં એક પ્રોફેસર તેની પાસે આવતા અને યુનિવર્સિટીના જણાવ્યા અનુસાર, છેતરપિંડી કરતા પકડાયા બાદ તેને હોલની બહાર લઈ જતા દેખાય છે. રાહુલ ગાંધીએ મૃતક આઈઆઈટી બોમ્બેના વિદ્યાર્થી સાહિલ વાકોડેના માતાપિતા સાથે વીડિયો કોલ દ્વારા વાત કરી હતી અને તેમને ન્યાયની ખાતરી આપી હતી. સાહિલની આત્મહત્યા બાદ, તેના પરિવારે જાહેરાત કરી છે કે તેઓ વિરોધમાં ભૂખ હડતાળ પર ઉતરશે.

સાહિલના મૃત્યુ બાદ, તેના પરિવારે IIT બોમ્બે વહીવટીતંત્ર અને કેટલાક અધિકારીઓ પર ગંભીર આરોપો લગાવ્યા છે. મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાન્ચ હાલમાં આ કેસની તપાસ કરી રહી છે. ઉર્જા વિજ્ઞાન અને એન્જિનિયરિંગ વિભાગમાં બીજા વર્ષના વિદ્યાર્થી સાહિલે પરીક્ષા દરમિયાન મોબાઇલ ફોનનો ઉપયોગ કરતા જોવા મળ્યા બાદ કથિત રીતે આત્મહત્યા કરી હતી. સંસ્થાના જણાવ્યા અનુસાર, વાકોડેએ ChatGPT દ્વારા પરીક્ષાના પ્રશ્નો મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

# ચૂંટણી પંચે નિષ્પક્ષ રીતે કામ કરવું જોઈએ

## 'પરબિડીયું' આપવા પર હાઈકોર્ટે કહ્યું - જ્યારે ૧૮૩ પ્રતીકો હાજર છે તો આ કેમ?



નવીદિલ્હી, તા. ૨૪

કલકત્તા હાઈકોર્ટે ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર સવાલ ઉઠાવતા એક મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. કોર્ટે પ્રશ્ન કર્યો છે કે પશ્ચિમ બંગાળ પેટાચૂંટણીઓ માટે ઇન્ડિયન સેક્યુલર ફ્રન્ટનું ''પરબિડીયું'' પ્રતીક ટીએમસીના બળવાખોર જૂથ, ડેમોક્રેટિક તૃણમૂલ કોંગ્રેસને આપવું કેટલું યોગ્ય છે. કોર્ટે જણાવ્યું હતું કે ચૂંટણી પંચે નિષ્પક્ષ અને ભેદભાવ વિના કાર્ય કરવું જોઈએ. કોર્ટે વધુમાં પ્રશ્ન કર્યો હતો કે વાંધો ઉઠાવવામાં આવ્યો ત્યારે તે જ પ્રતીક શા માટે શામેલ કરવામાં આવી રહ્યું છે. તેણે દલીલ કરી હતી કે તેનો ઉપયોગ થોડા મહિના પહેલા જ બીજા પક્ષ દ્વારા કરવામાં આવ્યો હતો, અને તમારી પાસે પહેલાથી જ ૧૮૩ ચૂંટણી પ્રતીકો છે. કોર્ટે જણાવ્યું હતું કે નિષ્પક્ષ રહેવાને બદલે, ઇન્ડિયન સેક્યુલર ફ્રન્ટે બુધવારે કલકત્તા હાઈકોર્ટમાં અપીલ કરી હતી કે ચૂંટણી પંચને ટીએમસીના બળવાખોર જૂથને ''પરબિડીયું'' પ્રતીક આપતા અટકાવવામાં આવે. ચૂંટણી પંચે તાજેતરમાં નૌશાદ સિદ્દીકીની આગેવાની હેઠળના ISFને ''કપાટ'' પ્રતીક આપ્યું હતું, જેણે આ વર્ષે એપ્રિલમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણી અને પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ''પરબિડીયું'' પ્રતીકનો ઉપયોગ કરીને લડી હતી. ચૂંટણી પંચના નિર્ણયને પડકારતા, ઈજ્ઞ્ક્ષ એ હાઈકોર્ટમાં અરજી કરી, પ્રશ્ન કર્યો કે શું ચૂંટણી પંચે અન્ય પક્ષને પ્રતીક ફાળવવામાં તેની સત્તાનો યોગ્ય અને યોગ્ય રીતે ઉપયોગ કર્યો છે. કોર્ટે ચૂંટણી પંચને પ્રશ્ન કર્યો.

૧૭ સપ્ટેમ્બરના રોજ, ચૂંટણી પંચે ઝખઈ ના બંને જૂથોને પશ્ચિમ બંગાળના નંદીગ્રામ અને રાજનગર વિધાનસભા મતવિસ્તારમાં ૬ ઓક્ટોબરના રોજ યોજાનારી પેટાચૂંટણીમાં પક્ષના નામ અને 'ફૂલોની જોડી' પ્રતીકનો ઉપયોગ ન કરવાનો નિર્દેશ આપ્યો હતો. ઈજ્ઞ્ક્ષ ના વકીલ વિકાસ ભટ્ટાચાર્યએ કોર્ટને વિનંતી કરી હતી કે કમિશનને એવી ચૂંટણીમાં 'પરબિડીયું' પ્રતીક અન્ય કોઈપણ બિન-નોંધાયેલ પક્ષને ફાળવવામાં ન આવે જેનો બંને પક્ષો ચૂંટણી લડી રહ્યા છે. ચૂંટણી પંચના વકીલની વિનંતી પર કોર્ટે સુનાવણી એક દિવસ માટે મુલતવી રાખી. હાઈકોર્ટે આજે ફરી આ મામલાની સુનાવણી કરી. નંદીગ્રામ અને રાજનગર વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણી ૬ ઓક્ટોબરના રોજ યોજાવાની છે, જ્યારે પ્રચાર ૪ ઓક્ટોબરના રોજ સમાપ્ત થશે. ISF એ નંદીગ્રામ મતવિસ્તારમાં પોતાનો ઉમેદવાર ઉતાર્યો છે. કોલકાતા હાઈકોર્ટે પશ્ચિમ બંગાળ પેટાચૂંટણી માટે ટીએમસી-ડીને ISFનું 'પરબિડીયું' ચૂંટણી પ્રતીક ફાળવવા અંગે ECI પર પ્રશ્ન ઉઠાવ્યો છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# પ્રાસંગીક

## તત્વતઃ જેનું સર્જન છે તેનું વિસર્જન નિશ્ચિત છે, એ પ્રકૃતિનો અકાટ્ય નિયમ છે



આજે અનંત ચતુર્દશી છે, સમય એક નિશ્ચિત ગતિથી ચાલી રહ્યો છે. શ્રાવણ ગયો, અને પછી ગણેશોત્સવ શરૂ થયો, અને આજે અનંત ચૌદસનો દિવસ. આપણાં સૌના લોકલાડીલા ભગવાન ગણેશ વૈકુંઠ ધામ તરફ પ્રયાણ કરશે એટલે કે સૌ એનું વિસર્જન કરશે! પરંતુ આ ઉપરાંત અનંત ચૌદશ ભગવાન વિષ્ણુને પ્રસન્ન કરવાનો દિવસ છે, અને ત્યારે એ શેષનાગ પર બિરાજમાન થયાં હતાં, અને ભગવાન વિષ્ણુએ ચૌદ બ્રહ્માંડના ઉદ્ધાર માટે આ અનંત અવતાર ધારણ કર્યો હતો. પણ અમને આ દિવસ મમ્મીનાં જન્મ દિવસ તરીકે યાદ રહે! સૌનો સહજ સ્વીકાર કરવો, અને બંને ત્યાં સુધી યથાશક્તિ મદદ કરવી,સૌને ક્ષમા કરવી, એવી હતી મમ્મી! આજે એ હોત તો એને ૮૬ વર્ષ પુરાં થાત. મમ્મીને ગાવાનો ખૂબ શોખ હતો,અને એનો રાગ પણ ઘણો કેળવાયેલો હતો, એટલે અમને સૌને આપણાં સંસ્કૃતિગત અને વૈદિક શાસ્ત્રોક્ત સ્તુતિ સ્તવન, તેમજ પૌરાણિક કથા સાથે જોડતું અનોખું વ્યક્તિત્વ હતી મમ્મી.

ભાદરવા સુદ ચોથના દિવસે ગણપતિનું સ્થાપન થાય છે, અને અનંત ચૌદસના દિવસે લોકો ''અગલે બરસ તું જલ્દી આનાં'' નારા સાથે ગણપતિની મૂર્તિનું પાણીમાં વિસર્જન કરે છે. આમ તો યુગ પ્રમાણે દરેક પરંપરાઓમાં સંશોધન થવાં જોઈએ, અને એમાં પણ જેમાં પ્રકૃતિ સાથે ચેડા થવાની શક્યતા હોય, એ વિશે તો ખાસ સંશોધન થવાં જોઈએ. ધાર્મિક ઉત્સવો તો ભારતીય સંસ્કૃતિની એક આગવી પહેચાન છે, અને ધર્મને નામે બધાં મળતાં રહેવું જોઈએ. ગણપતિની સ્થાપના કરનારનો અનુભવ હશે, કે એક અલૌકિક શક્તિ એમને આ બધું કરાવે છે. સારા કાર્યનો સંકલ્પ જ્યારે શુભ મંગલની ભાવનાથી થાય, ત્યારે અસ્તિત્વ મદદ કરે છે. તત્વતઃ વિસર્જન એટલે શું?

ગણેશ ચોથથી શરૂ કરીને અનંત ચૌદશ સુધી તત્વતઃ ગણેશની આપણે આરાધનાના કરી. ભગવાન શંકરે પાર્વતીએ ઉત્પન્ન કરેલા બાળકનું મસ્તક ધડથી જુદું કરી નાખ્યું, અને પાર્વતીના સંતાપ કે વિકરાળ સ્વરૂપથી બચવા એમણે હાથીનું મસ્તક આ બાળકના ધડ પર મૂકી દીધું, અને આ રીતે ગણેશ પુનર્જીવિત થયા. પરંતુ ગણેશ તો આદિદેવ છે, અને વેદ વ્યાસ એ તેમને વિનંતી કરી કે, મહાભારતનું કાવ્ય લખવામાં એ તેમને મદદ કરે. એટલે ગણેશજીએ વેદવ્યાસના કહેવાથી મહાભારત લખ્યું, દસ દિવસ સુધી તેઓ સ્થિર બેસીને લખતા રહ્યાં, અને એને કારણે એમના શરીર પર ધૂળ જામી ગઈ હોવાથી, આમ ચોથથી અનંત ચૌદસના દિવસે જ્યારે મહાભારત લખવાનું કાર્ય પૂર્ણ થયું, ત્યારે ભગવાન ગણેશ સરસ્વતી નદીમાં સ્નાન કરે છે, અને તેથી આ પર્વ ઉજવવામાં આવે છે, અને ગણેશની મૂર્તિનું પાણીમાં વિસર્જન કરવામાં આવે છે, એવી એક વાત પૌરાણિક કથાઓ માંથી જાણવા મળે છે.

તો બીજી રીતે જોઈએ તો સદીઓથી ભગવાન ગણેશ સ્થાપન પછી અંનત ચૌદસનાં દિવસે એનું વિસર્જન કરવામાં આવે છે. આપણને પ્રશ્ન થાય કે આવું શું કામ? શ્રાવણ આખો શંકરની કે શિવલિંગની આરાધના કરીએ છીએ, પણ એનું વિસર્જન આપણે પાણીમાં કરતા નથી. નવરાત્રી દરમિયાન માતાજીનું પણ સ્થાપન કરવામાં આવે છે, તો ગરબો પણ આપણે પાણીમાં વિસર્જિત કરતાં નથી. તો પછી ભગવાન ગણેશનું વિસર્જન આ રીતે શું કામ? એવો પ્રશ્ન થવો જોઈએ! સૌપ્રથમ ગણેશ એ આદિદેવ છે, એટલે કે શંકર સુવન, ગૌરીનંદન તો તેની પહેચાન છે જ! પરંતુ એ પહેલાં પણ એનું અસ્તિત્વ વેદમાં બતાવાયું છે. આપણે ત્યાં પંચદેવની પૂજા સ્વીકારાયેલી છે, અને આપણે સૌ જાણીએ છીએ કે પંચમહાભૂતથી બનેલ માનવી જેમ એક જ છે,એ જ રીતે પ્રકૃતિ સ્વરૂપે જે પંચમહાભૂત છે, એ પણ એક જ ઈશ્વરની શુભ સંકલ્પના છે. જળ,વાયું, પૃથ્વી, અગ્નિ, આકાશ, એ પંચમહાભૂતમાં જળ તત્વના અધિષ્ઠાતા દેવ ભગવાન ગણેશ છે, અને તેથી ભગવાન ગણેશનું વિસર્જન પાણીમાં કરવામાં આવે છે, એટલે કે તત્વતઃ જે છે એમાં એને સમાહિત કરવામાં આવે છે.

ભગવાન ગણેશને સૌથી શ્રેષ્ઠ અને મંગલકારી કહેવાયા છે. વિવેકનાં દેવતા પણ છે, અને તેમની ઉપાસના કરનારમાં તે વિવેક સ્વરૂપે વાસ કરે છે. એટલે આ અગિયાર દિવસ આપણે ગણેશની આરાધના, કે ઉપાસના કરીને વિવેક અર્જીત કરવાનો હોય છે. મૂર્તિ સ્વરૂપે ગણેશનું વિસર્જન ભલે થાય, પણ વિવેકનું વિસર્જન કરવાનું નથી, અને વિસર્જનમાં પણ વિવેકને મહત્વ આપવાનું છે. એટલે કે પ્રકૃતિનાં પાણીના મૂળ સ્ત્રોત જેવા કે નદી, દરિયો,કે તળાવમાં જ્યારે આપણે ગણેશ વિસર્જન કરવાં જઈએ, ત્યારે એ પાણી મલિન થાય નહીં, એનું ખાસ ધ્યાન રાખવાનું છે. બજારમાં મળતી ઇકો ફ્રેન્ડલી મૂર્તિનું વિસર્જન કરવું, બાકીની મૂર્તિ એક જગ્યાએથી ઉપાડી બીજી જગ્યાએ મૂકી દેવાથી, અથવા ઘરમાં પાણીનાં ટબ વગેરેમાં પણ હવે લોકો વિસર્જન કરે છે. એટલે આટલા મોટા જળ સ્ત્રોતને મલિન કરવાથી જેટલું બચાય એટલું બચવું. વિસર્જનમા વિવેક રાખી પાણીને મલીન થતાં બચાવવું. બાપુ કહે છે એમ સમય પ્રમાણે પરંપરાઓમાં બાંધછોડ કરી પ્રવાહી પરંપરા અપનાવી એ સૌથી વધુ અગત્યનું છે. પાણીને મલિન થતું બચાવવા આ રીતે વિસર્જન કરનારનો દોષ ગણાતો નથી.

આ ઉપરાંત સૌથી મહત્વની શીખ આપણને ગણેશ વિસર્જન શીખવે છે કે, માટીમાં જન્મેલા શરીરને એક દિવસ માટીમાં મળી જવાનું છે. ગણેશની પ્રતિમા માટીની બનેલી છે, અને પૂજા બાદ તે માટીમાં ભળી જવાની છે. ગણપતિને મૂર્તિરૂપે આવવા માટે માટીનો સહારો લેવો પડે છે, માટી પ્રકૃતિની દેન છે, પણ જ્યારે ગણેશ પાણીમાં વિલિન થાય છે, ત્યારે તે ફરી પ્રકૃતિમાં ભળી જાય છે. એનો અર્થ એ છે કે જે લીધુ છે તે પાછુ આપવાનું છે, ખાલી હાથે આવ્યા છીએ, અને ખાલી હાથે જ જવાનું છે. ગણેશ સ્થાપન અને વિસર્જન એ ધર્મ અને વિશ્વાસની વસ્તુ છે કે, આપણે ગણપતિને આકાર આપીએ છીએ, પણ ઈશ્વર તો નિરાકાર છે, અને બધે જ વ્યાપેલા છે. જે પણ આકાર લે છે, તેને સમાપ્ત થવું પડે છે, નિરાકાર થઈ અસ્તિત્વમાં એકાકાર થઈ જાય, પરિણામે વિસર્જનની પ્રથા છે. વિસર્જન શીખવે છે કે, જે વ્યક્તિ જન્મ લે છે, તેણે આગલો જન્મ લેવા માટે પોતાનાં આ શરીરનો ત્યાગ કરવો પડે છે. ગણપતિની મૂર્તિ બને છે, તેની પૂજા થાય છે, પણ ફરી તેને આવતા વર્ષે પાછુ આવવા માટે વિસર્જિત થવું પડે છે. જીવનું પણ આવું જ છે, પોતાની જવાબદારીઓને પૂરી કરો, અને સમય પૂરો થતા નવા જન્મ માટે શરીરનો રાગદ્વેષ કે મોહમાયા વગર ત્યાગ કરો, એટલે કે ઉંમર વધતાં જીજીવિષા ઓછી કરતાં જાવ, જેથી મૃત્યુ સમયે આ ન થયું! પેલું તો રહી જ ગયું!! એવો રંજ ન રહે. તો યેન કેન પ્રકારે આપણે આ વિસર્જનનું મહત્વ સમજ્યાં, અને તત્વતઃ ગણેશ શું છે! એ પણ ગણેશની આરાધના કરીને જાણ્યું!; મન મંદિરમાં સ્થાપિત કરેલી ગણેશની મૂર્તિ ખંડિત ન થાય તેમ તેનું નિત્ય પૂજન કરતાં રહીએ, અને મૂળ સ્વરૂપે વિવેકનું જતન કરી નીતિમત્તા ભર્યું જીવન જીવી શકીએ તો એ ઉત્તમ ગણેશ વંદના છે.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### વરસાદે પોરો ખાધો અને તસ્કરોએ વરસવાનું ચાલુ કર્યુ

# ત્રણ ઘટનામાં ચોરટાઓને લાખોનો લાભ

## બકાલાના ધંધાર્થી વૃધ્ધાના ઘરમાંથી પોણાપાંચ લાખ ગ્યાઃ એક વૃધ્ધાને વાતોએ વળગાડી મારી પત્નિ ખોવાઇ ગઇ તમે જોઇ? કહીને રોકડ દાગીના સેરવી લીધાઃ ત્રીજી ઘટનામાં હોસ્પિટલના કર્મચારીએ ચોરી લીધી રોકડ

રાજકોટ, તા.,૨૪

શહેરમાં વરાસદે વીરામ લઇ લીધો છે પણ હવે ચોરટાઓ વરસવા માંડ્યા છે. ત્રણ અલગ અલગ ઘટનામાં ચોરટાઓને લાખોનો લાભ થયો હતો. એક ઘટનામાં સામાકાંઠે માર્કેટીંગ યાર્ડ પાછળ મચ્છોનગરમાં રહેતાં અને શાકભાજીનો વેપાર કરતાં વૃધ્ધાના ઘરમાંથી પોણા પાંચ લાખ ચોરાઇ ગયા હતાં. બીજાબ નાવમાં એક વૃધ્ધાને છેતરી નજર ચુકવી ગઠીયાઓ રોકડા-દાગીના ઉસેડી ગયા હતાં. ત્રીજી ઘટનામાં એક યુવાનના ઘરમાંથી ખાનગી હોસ્પિટલનો કર્મચારી રોકડનો હાથફેરો કરી ગયાનો ગુનો દાખલ થયો હતો.

પ્રથમ ઘટના જોઇએ તો યાર્ડ પાછળ મંચ્છોનગરમાં રહેતાં પાંસઠ વર્ષના વૃધ્ધા રામુબેન પ્રેમજીભાઇ ગોરાસવાના મકાનમાંથી તસ્કરો રૂા. ૪.૭૭ લાખનાં સોના-ચાંદીના દાગીના ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાતા આજીડેમ પોલીસે ગુનો દાખલ કરી સીસી ટીવી ફુટેજના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. રામુબેને ફરીયાદમાં જણાવ્યું છે કે, તે પતિ સાથે રહી છુટક શાકભાજીનો વેપાર કરે છે તેની પાસે સોનાની હાંસડી, બાજુબંધ, લટ્ટુ, પાંદડા સહિતના સોના-ચાંદીના દાગીનાં છે તે ઘરે લોખંડના ટેકામાં રાખે છે.

દરમિયાન ગત સત્તરમીએ સવારે તે પૌત્રી જાનવી સાથે ગોંડલ ચોકડી પાસે હાઉસીંગ કવાર્ટરમાં કામ સબબ ગયા હતા. આ સમયે તે ઘરના દરવાજાને લોક કરતા ભુલી ગયા હતા ઘરે તેના પતિ અને પુત્ર વિજય હાજર હતા. આશરે એકાદ કલાક પછી તે પૌત્રી સાથે પરત આવ્યા હતા. ઘરમાં જઇને રૂમમાં નજર કરતાં પલંગ નીચે દેશી ટંકની આગળ રાખેલું કેરેટ ખસેડેલું જોવા મળ્યું હતું તેમજ ટંક ખુલ્લો જોવા મળ્યો હતો. જેથી ટંકની અંદર જોતા તેમાં રહેલ રૂપિયા ચાર લાખ સત્યોતેર હજારની કિંમતના ઘરેણા ગાયબ હતાં. આ ઘરેણામાં જેમાં સોનાની હાંસળી, સોનાના બાજુબંધ, સોનાની લટ, બુટીની પાંદડી, ચાંદીના સાંકળા, ચાંદીનો કેડ કંદોરા હતા તે જોવા નહીં મળતા ચોરી થયાની જાણ થઇ હતી આજી ડેમ પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં હેડ કોન્સ. એમ. ડી. મુંધવાએ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

ચોરીની બીજી ઘટના જોઇએ તો બનાવમાં અમદાવાદના નિકોલ રોડ પર મનમોહન ચાલીમાં રહેતા અને શાકભાજીનો વેપાર કરતાં જયાબેન દાજીભાઇ જીલીયા નામના સિત્તેર વર્ષના વૃધ્ધાં અમદાવાદથી બસમાં બેસી રૈયા ધારમાં રહેતી પુત્રી સવીતાબેન જગશીભાઇ



મંદુરીયાને મળવા માટે આવ્યા હતા. મોડી રાત્રે એકાદ વાગ્યે તે હોસ્પિટલ ચોકમાં ઉતર્યા હતા. ત્યાંથી તે ચાલીને કાલાવડ રોડ પરથી પુત્રીના ઘરે જવા રવાના થયા હતા. કોટેચા ચોકમાં થાક લાગતા એક દુકાન પાસે ઓટા પર આરામ કરવા માટે બેઠા હતા. આ સમયે તેની પાસે રહેલી થેલી કે જેમાં રૂા. ૫૧,૫૦૦ની કિંમતના ઘરેણા, ચાંદીની માળા, ચાંદીની રૂદ્રાક્ષવાળી માળા, ચાંદીનું સાદુ મંગળસુત્ર, ચાંદીનું મોરવાળું મંગળસુત્ર, ચાંદીની વીંટી, સોનાની બાલી, સોનાનો દાણો હતા તે થેલી ઓટા પર રાખી હતી.

આ સમયે એક રિક્ષામાં એક મહિલા અને બે શખ્સો ત્યાં ધસી આવ્યા હતા જેમાંથી એકે 'તમે કયાં રહો છો? મારી પત્ની ખોવાઇ ગઇ છે તમે કયાંય જોઇ છે' તેમ કહી વાતચીત કરી તેની ઘરેણા સાથેની થેલી નજર ચુકવી ચોરી કરી લીધી હતી. અચાનક તેની નજર થેલી પર પડતા તે કયાંય જોવા નહીં મળતા તેણે તે શખ્સોને 'મારી થેલી કયાં છે?' તેમ પૂછતા તેમણે 'મને ખબર નથી' કરી ઉતાવળમાં રીક્ષા લઇને ભાગી ગયા હતા. ત્યારબાદ તે પુત્રીના ઘરે આંટો મારી અમદાવાદ પોતાના ઘરે ચાલ્યા ગયા હતા. જયાંતી પરત આવી ફરીયાદ નોંધાવી હતી.

ચોરીની ત્રીજી ઘટના જોઇએ તો મવડીના અંકુરનગર જોઇન રોડ પર વૃંદાવન સોસાયટીમાં રહેતાં નિરવભાઇ રાજેશભાઇ કાવઠીયા નામના સત્યાવીસ વર્ષના યુવાનએ ખાનગી હોસ્પિટલનાં સફાઇ કામદાર અફઝલ અજમેરી સામે ૫૦ હજારની રોકડની ચોરી કર્યાની તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું કે, તે મૂળ અમરેલીના મોટી કુંકાવાવ તાલુકાના ઉવા ઉજળા ગામના વતની છે. તેના વતનમાં રહેતા દાદા વલ્લભભાઇને થોડા દિવસ પહેલા હાથમાં વાગી જતા હાથમાં ઇન્ફેકશન થઇ જતા અને બીપીની તકલીફ હોવાથી રાજકોટના ૧૫૦ ફુટ રીંગ રોડ પર બાલાજી હોલ પાસે પ્રીમીયર હોસ્પિટલમાં ગઇ તા. ૨૩/૮નાં દાખલ કર્યા હતા આ સમયે તબીબે તેને ઇન્ફેકશન વધારે હોવાથી ચાર-પાંચ દિવસ દાખલ રહેવું પડશે.

તેમ કહેતા તેના દાદાને આઇ.સી.યુ.માં દાખલ કરાયા હતા. ત્યાંથી સાતમા માળે રૂમ નં. ૭૦૩માં દાખલ કરાયા હતા. તા. ૨૭નાં હોસ્પિટલનું બીલ ભરવાનું હોવાથી રૂા. ૧ લાખ બેગમાં લાવી તેમાંથી ૩૦ હજાર બીલ ચુકવ્યું હતું. જયારે ૭૦ હજાર બેગમાં જ હતા. આ બેગ રૂમના સોફા ઉપર મૂકી હતી. બીજા દિવસે તા. ૨૮નાં તેના દાદાને હોસ્પિટલમાંથી રજા આપતા બીલ ભરવાનું હોવાથી બેગમાં રાખેલી ૫૦ હજારની રોકડ જોવા મળી ન હતી.

જેથી હોસ્પિટલ સ્ટાફને જાણ કરતા સીસીટીવી ફુટેજ ચેક કરી તમને જણાવશું તેમ કહ્યું હતું. ત્યારબાદ તા. ૩૧નાં હોસ્પિટલના સ્ટાફે ફોન કરી તેને રૂબરૂ બોલાવી સીસી ટીવી ફુટેજ ચેક કરતાં તેમાં સફાઇ કામદાર અફઝલ અજમેરી અવાર નવા આવતો જતો કેદ થતા તેને બોલાવીને પૂછતાછ કરતા તેણે ચોરી કર્યાનું જણાવતા તેને નોકરીમાંથી છુટ્ટો કરી દેવાયો હતો. બાદમાં તેણે ફરીયાદ નોંધાવતા તાલુકા પોલીસના હેડ કોન્સ. કિશનભાઇ અજાગીયાએ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. આમ ચોરીની ત્રણ ઘટના સામે આવી હતી.

### મવડી વિસ્તારના પરિણીતાની મહિલા પોલીસમા ફરિયાદઃ સસરા સામે પણ કર્યા આક્ષેપો

# 'તારે મારી કોઇ પંચાયત કરવી નહી' ...પરિણીતાને પતિનો ત્રાસ

રાજકોટ તા. ૨૪

સાસરીયા દ્વારા ત્રાસ અપાતો હોવાની વધુ એક ફરિયાદ પોલીસ સુધી પહોંચી હતી. જેમાં શહેરના બાપાસીતારામ ચોક નજીક જયસરદાર ચોક પાસે તુલસી પત્રકમાં રહેતા કાજલબેન ડોબરીયા નામના અઠ્ઠાવીસ વર્ષના પરિણીતાએ પતિ વિશાલ ડોબરીયા અને સસરા અશ્વીનભાઇ (રહે. બન્ને કોઠારીયા સોલવન્ટ રોડ) સામે ગાળો દઇ લગ જીવન દરમીયાન ત્રાસ ગુજાર્યાની મહિલા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા તપાસ શરૂ થઇ હતી.

વિશેષ માહિતી અનુસાર કાજલબેન પોલીસને જણાવ્યું કે, તેના ૨૦૨૨ માં કોર્ટ મેરેજ થયા હતા. શરૂઆતમાં થોડા સમય લગજીવન સારી રીતે ચાલ્યુ હતું. સસરાના છુટાછેડા થઇ ગયા હતા. સસરાની નજર તેના ઉપર શરૂઆતથી ખરાબ હતી. સસરા તેના ઇનર કપડા લઇ તેના કબાટમાં મુકતા હતા. જે નહી



ગમતા પતિને વાત કરતા અલગ રહેવા જવાનું નકકી કરી બન્ને અલગ ભાડે રહેવા જતા રહયા હતા. શરૂઆતમાં જ પતિએ નાની-નાની બાબતમાં ત્રાસ આપવાનું ચાલુ કરી દીધુ હતું. પતિને રાત્રે મોડા કેમ આવો છો ? પુછતા તે મિત્રો સાથે ક્રિકેટ રમવા ગયો હતો, કયારેક ગોંડલ ગાઠીયા ખાવા ગયો હતો એટલે મોડુ થયુ તેમ કહેતો હતો.

એટલુ જ નહી બુમો પાડી 'તારે મારી કોઇ પંચાયત કરવી નહી, હું ગમે ત્યાં જાઉ' તેમ કહી ગાળા-ગાળી કરતો હતો. ને રસોઇ શુ બનાવુ એમ પુછતા પતિ ધ્યાન આપતો ન હતો જેથી તે રસોઇ બનાવતા પતિ 'હું પાંઉભાજી ખાઇને આવ્યો છું' તો કયારેક મિત્રો સાથે બહાર જમવા જવાનુ છે કહી ઇગોર કરતો હતો. પતિ ઘરે હોય ત્યારે ચેટીંગ કરતો રહેતો હતો. તેને સમય આપતો નહી કે સારી રીતે બોલાવતો નહી. મેં ભવિષ્યની વાત કરી સંતાન બાબતે વાત કરતા પતિ દુર રહેતો હતો અને તેને માતૃત્વથી વંચીત રાખતો હતો.

તે અલગ રહેતા સસરાને ટીફિન મોકલતા છતા ત્રાસ આપતા હતા. ગઇ તા. ૨૮/૫ ના પતિ વોશીં ગ મશીન અને તેના અભ્યાસના ડોકયુમેન્ટ સાથે લઇ તેને મુકીને સસરા સાથે રહેવા જતો રહયો હતો. તેમજ તા. ૧૨/૮ ના સ્કુટર લઇ ગયો હતો. તેના ચાર જોડી કપડા, રેઇન કોર્ટ અને ચુંદડી તથા ચશ્મા હતા તે પણ લઇ ગયો હતો. તેણે પરિવારજનોને વાત કરતા પતિ સાથે સમાધાન માટે બેઠક કરી હતી. આ સમયે પતિએ 'આ સ્ત્રી મારે જોઇતી નથી, મને જેલમાં નાખી દો, મારે આની સાથે રહેવુ નથી, મારે છુટાછેડા લેવા છે' કહી ત્યાંથી નિકળી ગયો હતો. જેથી તેણે ફરીયાદ નોંધાવતા પોલીસ વધુ તપાસ હાથ ધરી હતી.

# પાણી ઢોળાયુ એમાં જામી પડી વાઘનખથી કાકા-ભત્રીજા પર હુમલો

### બાબરીયા કોલોનીમાં મકાનમાં ઉપર નીચે રહેતાં ભાડુઓતો વચ્ચે જામી પડી

રાજકોટ તા. ૨૪

મારામારીની એક ઘટનામાં એક શખ્સે હાથમાં પહેરેલા પંજામાં લગાડેલા વાઘના હોય તેવા નખથી હુમલો કરી કાકા-ભત્રીજાને ઘાયલ કરી દીધા હતાં. બાબરીયા કોલોનીમાં ભાડેથી રહેતાં અને કારખાનામાં કામ કરતાં યુપીના યુવાનના માતાએ પાણીથી દાદરા ધોતાં પાણી નીચે જતાં નીચેના માળે રહેતાં બિહારના શખ્સે ઝઘડો કરી ગાળો દેતાં યુપીનો યુવાન તેને સમજાવવા જતાં તેના પર વાઘનખ વાળા પંજાથી હુમલો કરી માથામાં ઇજા પહોંચાડી હતી. વચ્ચે પડેલા આ યુવાનના કાકાને પણ માથામાં વાઘનખથી બે ઘા મારી દેતાં તે પણ લોહીલુહાણ થઇ ગયા હતાં. આ બનાવમાં ભક્તિનગર પોલીસે બાબરીયા કોલોની મેઇન રોડ પર એસકે રેડીયો નામની દૂકાન પાસે કીશનભાઇ કાકડીયાના મકાનમાં ભાડેથી રહેતાં મુળ ઉત્તરપ્રદેશ પ્રયાગરાજના ઉમેશ જગરામપ્રસાદ



વર્માની ફરિયાદ પરથી મુળ બિહારના અને આ મકાનમાં નીચેના માળે રહેતાં રાહુલ, તેની પત્નિ નીશા, બહેન પુષ્પા અને પુષ્પાના પતિ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

વધુ વિગત મુજબ ઉમેશ વર્મા પરિવાર સાથે રહે છે અને સમ્રાટ ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં કારખાનામાં કામ કરે છે. તેણે જણાવ્યું હતુ કે સાંજે હું ઉપરના માળે મારા ઘરે હતો ત્યારે મારા માતા જગરાણીદેવીએ દાદરા પાણીથી ધોયા હોઇ તેનું પાણી નીચે સુધી જતાં નીચેના રૂમમાં રહેતાં રાહુલ બિહારી અને તેના પત્નિ, બહેન, બનેવીએ મારા માતાને જેમફાવે તેમ બોલી ગાળો દીધી હતી. આથી હું નીચે ગયો હતો અને રાહુલને ગાળો આપવાની ના પાડી સમજાવ્યો હતો. પરંતુ રાહુલ વધુ ઉશ્કેરાઇ ગયો હતો. અને તેના હાથમાં પંજામાં લગાવેલા વાઘનખ હોઇ તેનાથી માથામાં મને ઘા મારતાં લોહી નીકળવા માંડ્યા હતાં. મારા માતા-પિતા વચ્ચે પડતાં મને બચાવ્યો હતો.

તેમજ મારા કકા તીલકરામ ભગવતીપ્રસાદ વર્મા વચ્ચે પડતાં તેને પણ રાહુલે વાઘનખથી માથામાં બે ઘા મારી દીધા હતાં. આથી તેને પણ લોહી નીકળવા માંડ્યા હતાં. તે બેભાન થઇ નીચે પડીગયા હતાં. બાદમાં રાહુલની પત્નિ, બહેન, બનેવીએ ભેગા થઇ ગાળો દીધી હતી અને બધાએ મળી ઢીકાપાટુ પણ માર્યા હતાં. મને અને મારા કાકાને સારવાર માટે ખસેડતાં મને પ્રાથમિક સારવાર અપાઇ હતી અને મારા કાકાને દાખલ કરાયા હતાં. તેમ વધુમાં ઉમેશે જણાવતાં પીએસઆઇ વી. એલ. રાઠોડે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

### દારૂની હેરાફેરી રોકવા સક્રિય ક્રાઇમ બ્રાંચને વધુ એક મોટો જથ્થો પકડવામાં સફળતા

# પ્યાસીઓ સુધી પહોંચે એ પહેલા પાંચ લાખનો દારૂ જપ્ત

## કુવાડવા રોડ પર ઇન્ડસ્ટ્રીયલ એરીયાની દુકાનમાંથી નવાગામના લાલાને પકડી લેવાયોઃ રીઢા બૂટલેગવર ગૂગાનો માલ હોવાનું ખુલ્યું : અન્ય પાંચ દરોડામાં અલગ અલગ પોલીસ, બ્રાંચની ટીમોએ બોટલો-ચપલા સાથે છને પકડ્યા

અમદાવાદ, તા.૨૪

શહેરમાં ઠેકઠેકાણે દારૂના નાના મોટા ધંધાર્થી ઓ હેરાફેરી કરતાં રહે છે. પોલીસ રોજબરોજ દારૂના કેસ નોંધી જથ્થો પકડી આવા ધંધાર્થીઓને પકડી લે છે. આમ છતાં આવી હેરાફેરી અટકતી નથી. આ વચ્ચે ક્રાઇમ બ્રાંચે વધુ એક મોટો જથ્થો પ્યાસીઓના મોઢા સુધી જાય એ પહેલા પકડી લીધો હતો. જેમાં કુવાડવા રોડ ઓડીના શો રૂમ સામે રાજારામ ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં સદ્દગુરૂ એસ્ટેટ ડેલામાં દુકાન નંબર-૧૩માં દરોડો પાડી નવાગામના એક શખ્સને પોણા પાંચ લાખના દારૂના જથ્થા સાથે પકડ્યો હતો. પુછતાછમાં રીઢા બૂટલેગરનું નામ પણ ખુલ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો પોલીસે દરોડો પાડી રૂા. ૪,૪૫,૪૪૦ના અલગ અલગ બ્રાન્ડનો દારૂ પકડ્યો હતો. ક્રાઇમ બ્રાંચની ટીમ દારૂ જૂગારની પ્રવૃતિ ડામવા પેટ્રોલીંગમાં હતી ત્યારે મનિષભાઇ ચાવડા, રાજશેભાઇ ચાવડા અને કનકસિંહ સોલંકીને બાતમી મળી હતી કે કુવાડવા રોડ ઓડીના શો રૂમ સામે રાજારામ ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં સદ્દગુરૂ એસ્ટેટ ડેલામાં આવેલી દુકાન નં. ૧૩માં દારૂનો જથ્થો ઉતર્યો છે. આ બાતમી પરથી દરોડો પાડવામાં આવતાં દુકાનમાંથી રૂા. ૪,૪૫,૪૪૦નો અલગ અલગ બ્રાન્ડનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

જેમાં રોયલ ચેલેન્જ વ્હીસ્કીના રૂા. ૨,૩૦,૪૦૦ના ૭૨૦ ચપલા, સ્ટર્લિંગ રિઝર્વ વ્હીસ્કીના ૧,૦૦,૮૦૦ના ૧૮૦ એમએલના ૩૩૬ ચપલા અને ઓલ સીઝનના રૂા. ૧,૧૪,૨૪૦ના ૧૮૦ એમએલના ૩૩૬ ચપલા હતાં. પોલીસે દારૂ તેમજ મોબાઇલ ફોન, જીજે૦૩એલપી-૫૧૧૪ નંબરનું ટુવ્હીલર પણ કબ્જે કર્યા હતાં. દુકાનમાં હાજર શખ્સની પુછતાછ થતાં પોતાનું નામ લાલજી ઉર્ફે લાલો જગદીશભાઇ ડાભી (રહે. નકલંક સોસાયટી, ગરબી ચોક નવાગામ દિવેલીયા પરા સચ્ચા સૌદા ઢબાની સામે) જણાવ્યું હતું. તેની ધરપકડ કરી પુછતાછ કરી હતી.

ઝડપાયેલા લાલાની પુછતાછ થતાં આ દારૂ પરષોત્તમ ઉર્ફે ગુગો જાદવભાઇ કુમારખાણીયાએ ઉતાર્યાનું અને દુકાન ભાડેથી રાખ્યાનું કબુલતાં પરષોત્તમ ઉર્ફે ગુગાની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. અગાઉ લાલજી ઉર્ફે લાલો કુવાડવા પોલીસમાં બે ગુનામાં પકડાયો હતો. જયારે પરષોત્તમ ઉર્ફે ગુગા સામે થોરાળા, કુવાડવા,






આજીડેમ, ડીસીબી પોલીસમાં દારૂ, મારામારી સહિતના ૭ કેસ નોંધાઇ ચુકયા છે. તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એ. એસ. ચાવડા, પીઆઇ એમ. એલ. ડામોર, પીઆઇ સી. એચ. જાદવની રાહબરીમાં હેડકોન્સ. કનકસિંહ સોલંકી, ગિરીરાજસિંહ જાડેજા, દિપકભાઇ ચૌહાણ, સુભાષભાઇ ઘોઘારી, કોન્સ. મનિષભાઇ ચાવડા, રાજેશભાઇ ચાવડાએ આ કામગીરી કરી હતી. પરષોત્તમ ઉર્ફે ગુગો પકડાયે વધુ વિગતો બહાર આવશે.

દારૂના અન્ય દરોડામાં છ સ્થળે પોલીસે કાર્યવાહી કરી હતી. શહેરમાં દારૂના ધંધાર્થીઓ પર પોલીસે ઘોંસ બોલાવી છે વધૂ પાંચ સ્થળે દરોડા પાડી પોલીસે દારૂની હેરફેર કરતા છ શખ્સોને ઝડપી લીધા હતા. જેમાં એરપોર્ટ પોલીસે બારવણ ચોકડી પાસે, ક્રાઇમબ્રાંચ સહકારરોડ પર, માલવીયાનગર પોલીસે આંબેડકરનગરમાં, ગાંધીગ્રામ પોલીસે ગાંધીગ્રામ વિસ્તારમાં અને આજીડેમ પોલીસે કોઠારીયા સોલવન્ટમાં દરોડા પાડી કાર્યવાહી કરી હતી. વિગતો જોઇએ તો એરપોર્ટ પોલીસ મથકના એએસઆઇ જી.કે.રાઠવા હેડ કોન્સ. ભાવેશભાઇ મકવાણા, જીજ્ઞેશભાઇ અઘેરા, કોન્સ. દિનેશભાઇ વહાણીયા, સુરેશભાઇ ગમારા સજુભા ડાભી સહિતના સ્ટાફે બારવણ ચોકડીથી મેસાવડા ગામ તરફ જતી ગોલાઇ પાસેથી રિક્ષામાં દારૂ લઇને નિકળેલા મેહુલ રાજેશભાઇ ગોસાઇ અને અમીત ઉર્ફે પીન્ટુ કિશોરભાઇ ભેસજાળીયા રહે બને ચામુંડા સોસાયટી, કુવાડવા રોડને પકડી રૂા. ૯૬૦૦ના વિદેશી દારૂના ૯૬ ચપલા, રિક્ષા અને ફોન સહિત રૂા.૮૯,૬૦૦નો મુદામાં કબ્જે કર્યો હતા.

બીજી તરફ ક્રાઇમ બ્રાંચનાં હેડ કો. અર્જુનભાઇ ડવ, કો. ગોપાલભાઇ પાટીલ, મયુરધ્વજસિંહ જાડેજા સહિતના સ્ટાફે સહકાર મેઇન રોડ પર જમનાનગર શેરી નં. ૫ માં રહેતા વિજયગીરી જગદીશગીરી ગૌસ્વામી (ઉ.૩૬) ના મકાનમાં દરોડો પાડી રૂા. ૧૯૭૬૦ ની કિંમતની દારૂની ૬૪ બોટલ સાથે ઝડપી લીધો હતા. ત્રીજા દરોડામાં માલવીયાનગર પોલીસના એએસઆઇ કે. બી. શેખલીયા, હેડ કો. કૃણાલસિંહ ઝાલા સહિતના સ્ટાફે ગોંડલ રોડ પર એસ. ટી. વર્કશોપ પાછળ આંબેડકરનગરમાં રહેતાં ભાવેશ બાબુભાઇ પરમાર (ઉ.૨૩) ને રૂા. ૮૦૧૬ ની દારૂની ૨૪ બોટલ સાથે ઝડપી લીધો હતા. ચોથા દરોડામાં આજી ડેમ પોલીસનાં પીએસઆઇ વી. જી. ડોડીયા, હેડ કો. હરપાલસિંહ જાડેજા સહિતના સ્ટાફે કોઠારીયા સોલવન્ટમાં શિતળાધાર ૨૫ વારીયામાં રહેતા ગુલાબબા પ્રદીપસિંહ ચુડાસમા (ઉ.૪૮) ના મકાનમાં દરોડો પાડી તેને રૂા. ૧૫ લીટર દેશી દારૂ અને દારૂની બે બોટલ સાથે ઝડપી લીધા હતાં. તેમજ પાંચમા દરોડામાં ગાંધીગ્રામ પોલીસના સર્વેલન્સ સ્કવોડનાં એએસઆઇ ચેતનસિંહ ગોહીલ, કો. કૌશિકભાઇ ડાંગર સહિતના સ્ટાફે ગાંધીગ્રામ શેરી નં. ૧ માં રહેતા કિશોર મુળુભાઇ વાળા (ઉ.વ.૫૭) ને ઘર નજીકથી રૂા. ૭૫૦ ના દારૂના પાંચ ચપલા સાથે ઝડપી લીધા હતાં.

### બેકાબૂ બનીને માતેલા સાંઢથી જેમ ભાગતાં વાહનો અવાર-નવાર સર્જે છે ગોઝારા અકસ્માત

# ટ્રકે રિક્ષા-કારનો બૂકડો બોલાવ્યોઃ બે યુવાનના મોત

**મનહરપરામાં રહેતો રિક્ષાચાલક યુવાન દિકરા સાથે મોરબી ઉર્ષમાં જતો હતોઃ ફાકી ખાવા હડાળાના પાટીયે ઉભા અને મોત મળ્યું-દિકરાનો બચાવઃ કારમાં બેઠેલો બેડીનો બાવીસ વર્ષનો યુવાન પાંચ બહેનનો એકનો એક ભાઈ હતોઃ તે આટો મારવા નીકળ્યો હતો : બેડીનો કાનો લોકગાયીકા સહિત પાંચ બહેનનો એક જ ભાઈ હતોઃ અકસ્માતના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા**

રાજકોટ, તા. ૨૪

ગોઝારા અકસ્માતની વધુ એક ઘટના બની હતી. જેમાં રાજકોટ-મોરબી હાઈવે પર રતનપર નજીક આવેલા હડાળાના પાટીયા પાસે એક ટ્રક કાળ બનીને ત્રાટક્યો હતો. જેમાં ટ્રકની ઠોકરે કાર અને રિક્ષા ચડી જતાં બંનેમાં બેઠેલા રાજકોટના બે યુવાનના મોત થયા હતાં. અકસ્માત સર્જી ટ્રકનો ચાલક ભાગી ગયો હતો. મૃતકોમાં રિક્ષાચાલક યુવાન તેના સોળ વર્ષના દિકરાને રિક્ષામાં બેસાડી મોરબી ઉર્ષમાં જવા નીકળ્યો હતો અને કાળનો કોળીયો બની ગયો હતો. જ્યારે કારમાં બેઠેલો બેડીનો યુવાન આટો મારવા નીકળ્યો હતો ત્યારે આ ઘટના બની હતી. કરૂણતા એ છે કે મૃત્યુ પામનાર આ યુવાન પાંચ બહેનનો એકનો એક ભાઈ હતો.

વિગતો પર નજર કરીએ તો રાતે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં રોડ સાઈડમાં રિક્ષા અને કાર ઉભા રાખી ચાલકોએ ચા પાણી પીવા હોલ્ટ કર્યો ત્યારે જ પાછળથી એક બેકાબૂ ટ્રકનો ચાલક આ બંને વાહનને ઠોકરે લઈ ભાગી ગયો હતો. રિક્ષામાં બેઠેલા રાજકોટમાં ભાવનગર રોડ પર મનહરપરામાં રહેતાં ફકીર યુવાન અને કારમાં બેઠેલા બેડી ગામે રહેતાં આહિર પરિવારના યુવાનના ગંભીર ઈજા થવાથી ઘટના સ્થળે જ મૃત્યુ થયા હતાં.





રિક્ષાચાલક યુવાન પોતાના સોળ વર્ષના દિકરા સાથે મોરબી ઉર્ષમાં જવા માટે નીકળ્યો હતો. તેનો દિકરો ફાકી ખાવા ગયો હોઈ રિક્ષાથી દુર હોઈ બચી ગયો હતો. રાજકોટમાં ભાવનગર રોડ ફાયર બ્રિગેડ નજીક મનહરપરા શેરી નં. ૧માં રહેતાં છત્રીસ વર્ષિય અજીઝશા જીલુશા શામહમદાર નામના ફકીર યુવાન રાતે રાજકોટથી પોતાની રિક્ષા હંકારી મોરબી ખાતે દરગાહના ઉર્ષમાં જવા રવાના થયો હતો. તેની સાથે રિક્ષામાં તેનો પુત્ર સોળ વર્ષનો અફઝલ શાહમદાર પણ હતો. અજીઝશાના પત્નિ ખેરૂનબેનનું માવતર મોરબી હોઈ તેઓ આગલા દિવસે જ મોરબી જતાં રહ્યા હતાં. રાતે પિતા-પુત્ર હડાળા નજીક મોમાઈ હોટલ પાસે પહોંચ્યા ત્યારે ચા પાણી પીવા માટે હોલ્ટ કર્યો હતો.

આ વખતે અજીઝભાઈ રિક્ષામાં બેઠા હતાં અને દિકરો અફઝલ ફાકી ખાવા ગયો હતો. તે વખતે એકાએક પાછળથી બંબાટ ઝડપથી ટ્રક આવ્યો હતો અને રિક્ષાને ઉલાળી દેતાં રિક્ષાનો બૂકડો બોલી ગયો હતો. એ સાથે જ અંદર બેઠેલા અજીઝભાઈ પણ રિક્ષા સાથે ટ્રકની ઠોકરે આવી જતાં તેમનું કમકમાટી ભર્યુ મોત થયું હતું. જ્યારે ટ્રકની ઠોકરે અન્ય એક કાર જીજે૦૩એમઈ-૮૨૬૩ પણ ચડી ગઈ હતી. આ કારમાં બેઠેલા બેડી ગામના બાવીસ વર્ષના બાવીસ વર્ષના કાનાભાઈ ગોવિંદભાઈ હુંબલ ઠોકરે ચડતાં તેનું પણ કમકમાટી ભર્યુ મૃત્યુ થયું હતું.

બનાવને પગલે મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા હતાં. અકસ્માત સર્જી ટ્રકચાલક ભાગી ગયો હતો. ૧૦૮ ઘટના સ્થળે પહોંચી હતી. જેના તબિબે અજીઝશા શાહમદાર અને કાનાભાઈ હુંબલને મૃત જાહેર કર્યા હતાં. બનાવની જાણ થતાં કુવાડવા પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી. બી. પટેલ, હેડકોન્સ. વૈભવભાઈ મકવાણા, પ્રકાશભાઈ રાઠોડ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. પોલીસે ટંકારા નજીકથી ટ્રકને આંતરી લીધો હતો.

વધુ માહિતી અનુસાર મૃત્યુ પામનાર કાનાભાઈ પાંચ બહેનનો એકનો એક ભાઈ હતો અને અપરિણીત હતો. જ્યારે રિક્ષાચાલક અજીઝશાને સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. પોતે ત્રણ ભાઈ અને એક બહેનમાં નાના હતાં. બનાવથી બંને મૃતકોના પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. તે કારમાં મિત્રો સાથે બેસી આટો મારવા નીકળ્યો હતો ત્યારે ફાકી ખાવા ઉભા રહેતા આ બનાવ બન્યો હતો.

વધુ માહિતી અનુસાર આ અકસ્માતમાં મૃત્યુ પામનાર કાનો હુંબલ પાંચ બહેનનો એક જ ભાઈ હતો. તેના એક બહેન જાણીતા લોક ગાયીકા મીરા આહિર છે. કાનો ગઈકાલે રાત્રિના તે પોતાના મિત્રો સાથે આંટો મારવા અને ચા પીવા માટે નીકળ્યો હતો. ત્યારે ટ્રક કાળ બની ગયો હતો. ગાયીકા મીરાબેન આહિરે સ્ટેટસ મુકી ભાઈ પાછો આવી જા મારો જીવ...એવુ કરૂણ લખાણ લખ્યું હતું. અકસ્માતના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હતાં.

# વાતોમાં વળગાળી વૃધ્ધાના દાગીના રોકડ ચોરનાર ત્રીપુટી ઝડપાઈ

**પોલીસે ચોરીનો ભેદ ઉકેલ્યોઃ મહિલા સહિત ત્રણ ઝડપયા**








રાજકોટ તા. ૨૪

શહેર પોલીસે ચોરીનો એક ગુનો ડીટેક્ટ કર્યો હતો. અમદાવાદથી રાજકોટ દિકરીના ઘરે આટો દેવા આવેલા વૃધ્ધા રામુબેન જીલીયા નામના ૭૦ વર્ષના વૃધ્ધા કોટેચા ચોકમાં એક દૂકાનના ઓટા પર આરામ કરવા બેઠા હતાં ત્યારે અજાણ્યા મહિલા-પુરૂષોએ આવી તેમની સાથે વાતો કરી નજર ચુકવી દાગીના રોકડ બઠ્ઠાવી લીધા હતાં. એક શખ્સે માજી મારી પત્નિ ખોવાઈ ગઈ છે તમે ક્યાંય જોઈ છે? તેમ કહી તેમને વાતોમાં પરોવ્યા હતાં. એ દરમિયાન નજર ચુકવી તેમના થેલામાંથી રોકડા અને સોનાના તેમજ ચાંદીના દાગીના મળી રૂ. ૫૧૫૦૦ની મત્તા ચોરી લીધી હતી.

આ ગુનાનો ભેદ માલવીયાનગરના એએસઆઈ કેતનભાઈ નીકોલા, હેડકોન્સ. કૃણાલસિંહ ઝાલા અને અનીલભાઈ જીલરીયાની બાતમી પરથી ગોવિંદ મગનભાઈ ચારોલીયા (રહે. જીલ્લા પંચાયત ચોક ફૂટપાથ પર), અર્જુન કનાભાઈ સોલંકી (રહે. રૈયાધાર ચાર બાઈના મંદિર પાસે) અને રેખા વગાભાઈ જખાણીયા (રહે. જીલ્લા પંચાયત ચોક છત્રપતિ શીવાજીની પ્રતિમા પાછળ)ને પકડી લઈ રિક્ષા જીજે૧૨એટી-૦૯૪૧ પણ કબ્જે લીધી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી રાકેશ દેસાઈ, એસીપી બી. જે. ચૌધરીની સુચના અંતર્ગત પીઆઈ જે. એમ. કૈલા, પીએસઆઈ કે. ડી. મારૂ, એએસઆઈ કેતનભાઈ નિકોલા, હેડકોન્સ. કૃણાલસિંહ ઝાલા, સારંગભાઈ ઓગાણીયા, અનિલભાઈ જીલરીયા, કોન્સ. વિશ્વરાજસિંહ જાડેજા, અમરદિપસિંહ જાડેજા, કરમણભાઈ જાદવે આ કામગીરી કરી હતી. આ ત્રિપુટીએ બીજા કોઈ ગુના આચર્યા છે કે કેમ? તેની તપાસ થઈ રહી છે.

### બે બાળકો શેરીમાં દેડા-બેટ રમતાં હતાં ત્યારે એક ઢગાએ કહ્યું મને પણ એક બોલ રમવા દે

# બાળકે ક્રિકેટ ન રમાડતાં તેને ઉઠાવી ઘરમાં પુરી ડામ દેવાયા!

**ગોંડલ રોડ પુનિતનગરની ચોંકાવનારી ઘટનાઃ ઘરમેળે સમાધાનની વાત થયા બાદ બાળકના માતાએ બે ઢગા સામે તાલુકા પોલીસમાં દાખલ કરાવી એફઆઈઆર**

રાજકોટ તા. ૨૪

નહિ જેવી વાતો ઘણીવાર અમુક તત્વો મારામારી પર ઉતરી આવતાં હોય છે. તો ઘણીવાર એવુ કરતાં હોય છે કે પોલીસ પણ ચોંકી જતી હોય છે. આવી જ એક ઘટના સામે આવી હતી જેમાં એક દસ વર્ષનો ટાબરીયા તેના મિત્ર સાથે શેરીમાં રમતો હતો ત્યારે બે ઢગા ત્યાં આવ્યા હતાં. એક ઢગાએ પોતાને પણ એક બોલ રમાડવાનું કહેતાં દસ વર્ષના ટાબરીયાએ ના પાડતાં તેને ઉઠાવીને એક ઘરમાં લઈ જઈ બાદમાં તેને તાવીથો ગરમ કરી ડામ દઈ દેવાયા હતાં. આવુ થતાં બાળક દેકારો મચાવીને ભાગ્યો હતો. માતાને તેના કપડા બદલતી વખતે દાઝેલાના નિશાન દેખાતા ઘટનાની ખબર પડી હતી.

વિગતો જોઈએ તો શહેરના ગોંડલ રોડ પુનીતનગર વિસ્તારમાં શેરીમાં ક્રિકેટ રમવા જેવી સામાન્ય બાબતમાં તકરાર થતાં દસ વર્ષના સગીર બાળકનું અપહરણ કરી તેને નજકીના ઘરમાં બે છોકરાઓએ લઈ જઈ ગરમ તાવીથાથી છાતીમાં ચાર ડામ આપી દઝાડી દેતાં ચકચાર જાગી હતી. બનાવ ત્રણ મહિના પહેલા બન્યો હતો. ઘરમેળે સમાધાનની વાત ચાલતી હોઈ જે ન થતાં હવે પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી. આ બનાવમાં તાલુકા પોલીસે ગોંડલ રોડ પુનિતનગર પાણીના ટાંકાની સામે વિશ્વકર્મા સોસાયટી શેરી નં. ૨૦માં જય ભગવતી કૃપા મકાન ખાતે રહેતાં મુળ પાટણ જીલ્લાના શંખેશ્વરના કુંવર ગામના વતની નીતાબેન રાકેશભાઈ કુવરીયા દેવીપૂજકની ફરિયાદ દાખલ કરાવાઈ હતી.

તેમની પરથી મુળ અમદાવાદના હાલ વિશ્વકર્મામાં રહેતાં નવઘણ જીલુભાઈ કુંવરીયા અને હાર્દિક મહેશભાઈ કુંવરીયા વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. વધુ માહિતી અનુસાર નીતાબેન પતિ રાકેશભાઈ અને બે દિદરા, એક દિકરી સાથે રહે છે. તેના પતિ ભંગારનું કામ કરે છે. સાથે દિયર, દેરાણી, સાસુ સસરા પણ સંયુક્ત પરિવારમાં રહે છે. નીતાબેને ફરિયાદમાં જણાવ્યું છે કે સાતમી જુનના સવારે સાતેક વાગ્યે મારા બંને દિકરા જયેશ જે અગીયાર વર્ષનો છે અને જયદિપ પણ અગીયાર વર્ષનો છે તે બંને શાળાએ ભણવા માટે ગયા હતાં. બપોરે સાડાબારેક વાગ્યે બંને છુટીને ઘરે આવ્યા હતાં અને બે વાગ્યે જમીને ફરી સ્કૂલમાં ટ્યુશન ક્લાસમાં ગયા હતાં.

સાંજે છએક વાગ્યે છુટીને ઘરે આવી ગયા હતાં. આ પછી સાતેક વાગ્યે મારો દિકરો જયેશ



શેરીમાં છોકરાઓ સાથે ક્રિકેટ રમવા ગયો હતો. તે સાંજે આઠેક વાગ્યે રીમને પરત ઘરે આવી ગયો હતો. જો કે તે જમ્યા વગર માત્ર દુધ પીને સુઈ ગયો હતો. સવારે સ્કૂલે જવાનું હોઈ કપડા બદલતી વખતે મેં તેના પેટના ભાગે ચાર ડામના નિશાન જોતાં તેને પુછતાં તેણે કહ્યું હતુ કે સાંજે હું અને દિવ્યછેશ શેરીમાં ક્રિકેટ રમતાં હતાં ત્યારે નવઘણ અને હાર્દિક આવ્યા હતાં. આ વખતે નવઘણે કહેલુ કે મને ક્રિકેટનો એક બોલ રમવા દે.

જેથી મેં ના પાડતાં નવઘણે મને બે પગની વચ્ચે દબાવી દીધો હતો. હાર્દિકે કહેલું કે આને મારા ઘરે લઈ લે. જેથી નવઘણ અ મને ઉંચકીને હાર્દિકના ઘરે લઈ ગયો હતો. જ્યાં હાર્દિકે તાવીથો ગરમ કર્યો હતો અને મને છાતીના ભાગે ચાર ડામ દઈ દીધા હતાં. મેં રાડારાડ કરતાં મને મુકી દેતાં હું ભાગીને ઘરે આવી ગયો હતો. આ પછી મેં દિકરા જયેશને સ્કૂલે મોકલી દીધો હતો. બાદમાં તે શાળાઅથી છુટીને આવતાં હું તેને સારવાર માટે ઘર નજીક દવાખાને લઈ ગઈ હતી.

જ્યાં ડોક્ટરે ડામ ઉપર લગાડવાની ટ્યુબ આપી હતી. આ પછી મેં ઘરમાં વાત કરતાં મારા સસરા રતિલાલે હાર્દિક અને નવઘણના માતા-પિતાને અમારી ઘરે બોલાવ્યા હતાં અને સમાધાનની વાતચીત કરી હતી. જેથી અમે ફરિયાદ કરી નહોતી. પણ હવે સમાધાન ન થતાં ફરિયાદ નોંધાવવાનું નક્કી કર્યુ હતું. તેમ વધુમાં નીતાબેને જણાવતાં તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્સપેક્ટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ. બી. ચૌધરીએ કાર્યવાહી હાથ ધરી હતી. માસુમ બાળકે દડે રમાડવાની ના પાડતાં બે ઢગાએ કેવી ક્રુરતા આચરી તે ઘટનાએ ચકચાર જગાવી દીધી હતી.

### સતત ફ્રોડ આચરતાં ગઠીયાઓ વધુ એક નવો જ કિમીયો લઈ આવ્યાઃ ચેતજો જાગજો

# ચાર્જીંગ સ્ટેશનની ફ્રેન્ચાઈઝીના નામે ફ્રોડ

**વેપારીએ ટોલ ફ્રી નંબર પર સંપર્ક કરતાં ગઠીયાએ કંપનીના મેનેજરનો સ્વાંગ રચી પ્રોસેસના નામે પોણા ત્રણ લાખ લઈ લીધાઃ લોન પર ચાલીસ ટકા સબસીડીની લાલચ આપી લપેટી લીધા :બીજી ઘટનામાં દંપતિ સાથે ભાગીદારોની એક કરોડ ઓગણચાલીસ લાખની છેતરપીંડીઃ આઠ જણા સામે દાખલ થઈ એફઆઈઆર**

રાજકોટ તા. ૨૪

ગઠીયાગીરીની ઘટનાઓમાં એક ભુલો ત્યાં બીજી ત્રણ ચાર નજર સામે આવી જાય છે. રોજેરોજ ગઠીયાઓ ગામને છેતરી ગજવા ભરી લેવામાં સફળ થઈ રહ્યા છે. વધુ એક આવી ઠગાઈ થઈ હતી. જેમાં એક વેપારી ચાર્જીંટ સ્ટેશનની ફ્રેન્ચાઈઝી લેવા જતાં પોણા ત્રણ લાખનો ચૂનો આવી ગયો હતો. ટાટા કંપનીના મેનેજરનો સ્વાંગ રચીને ગઠીયાએ આ કળા કરી લીધી હતી. લોન સબસીડીની વાત કરી નકલી બીલ પણ તેણે મોકલી દીધા હતાં. જેને અસલી સમજી વેપારી લપેટાઈ ગયા હતાં અને નાણા ગુમાવી દીધા હતાં. જુના નવા ઠગાઈના કિમીયા અજમાવી લોકોને છેતરતા ગઠીયાઓ હવે આ નવો જ તુક્કો સામે લાવ્યા હતા. જેમાં વેપારી આબાદ ફસાઈ ગયા હતાં.

વિગતો જોઈએ તો કામરેજના ખોલવડ ગામમાં રહેતા એક વેપારી સાથે ઇ્વ ચાર્જિંગ સ્ટેશનની ફ્રેન્ચાઈઝી અપાવવાના બહાને ૨,૭૯,૮૦૦ રૂપિયાની છેતરપિંડી થઈ છે. આ વેપારી માંગરોળના તરસાડી-કોસંબા ખાતે ઈલેક્ટ્રિકની દુકાન ચલાવે છે. બે મહિના પહેલા વેપારીએ ઈવી ચાર્જિંગ સ્ટેશન શરૂ કરવા માટે કામરેજ ચાર રસ્તા પર આવેલા ટાટા પાવરના સ્ટેશનની મુલાકાત લીધી હતી. ત્યાંથી તેમને ટોલ ફ્રી નંબર મળ્યો. આ નંબર પર સંપર્ક કરતા તેમને કંપનીની વેબસાઈટ પર ફોર્મ ભરવાનું કહેવામાં આવ્યું હતું. આથી ફોર્મ ભર્યા પછી એક અજાણ્યા વ્યક્તિએ ફોન કર્યો. તેણે પોતાને ટાટા કંપનીનો રિલેશનશિપ મેનેજર આશિષકુમાર તરીકે ઓળખાવ્યો.

ત્યારબાદ આ ઠગે વેપારીને વીસ લાખ રૂપિયાના પ્રોજેક્ટ ખર્ચ સામે લોન અને ચાલીસ ટકા સબસિડી અપાવવાની લાલચ આપી. ત્યારબાદ રજિસ્ટ્રેશન અને -ોસેસિંગ ફીના બહાને આરટીજીએસ દ્વારા કુલ ૨,૭૯,૮૦૦ રૂપિયા પડાવી લીધા. આરોપીઓએ આ રકમ સામે નકલી




જીએસટી બિલ અને રસીદો પણ મોકલી હતી. પણ આરોપીઓએ એનઓસી આપવા માટે વધુ ૪,૮૭,૯૭૦ રૂપિયાની માંગણી કરી. આનાથી વેપારીને શંકા ગઈ હતી.

આથી તુરત જ તેમણે ટાટા કંપનીના સત્તાવાર ટોલ ફ્રી નંબર પર ફોન કરીને તપાસ કરી. ત્યારે તેમને ખબર પડી કે તેમની સાથે સાયબર ફ્રોડ થયો છે. આ ઘટના અંગે વેપારીએ તરત જ સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી. ત્યારબાદ તેઓ કામરેજ પોલીસ સ્ટેશન પહોંચ્યા અને નકલી અધિકારીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરાવ્યો. પોલીસે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. આમ વધુ એક નવતર કિમીયો સાયબર ગઠીયાઓ છેતરવા માટે મેદાનમાં લાવ્યા હોઈ લોકોએ આ નવા કીમીયાને જાણી આવા ફ્રોડથી સજાગ રહેવુ જરૂરી છે.

વધુ એક મસમોટી ઠગાઈ જોઈએ તો અમદાવાદના જેતલપુરમાં ઓફિસ ધરાવતા ભાગીદારોએ દંપતી સાથે રૂ. ૧.૩૯ કરોડની છેતરપિંડી કરી હોવાની પોલીસ ફરિયાદ સામે આવી હતી. કેતનભાઈ બરવાલિયાએ જણાવ્યું કે, ક્રિષ્ણાકુમાર શુક્લા સાથે ઁહિન્દ ગ્લોબલ એક્ષિમ એલએલપીઁ નામની ભાગીદારી કંપની શરૂ કરી હતી. હિસાબો તપાસતા ભાગીદારોએ નાણાકીય ગોટાળા કરી છેતરપિંડી કરી હતી. દિવાળીપુરાની આધ્યા રેસિડેન્સીમાં રહેતા કેતનભાઈ બરવાલિયાએ કહ્યું છે કે અગાઉ લોજિસ્ટિક કંપનીમાં મેનેજર હતો ત્યારે ક્રિષ્ણાકુમાર શુક્લાની પસંદગી કરી હતી. ત્યારબાદ તેની સાથે સારા સંબંધ થતાં મેં હિન્દ ગ્લોબલ એક્ષિમ એલએલપી નામની ભાગીદારી કંપની શરૂ કરી જેતલપુરના વન ઈન્ડિયા બુલ્સ ખાતે બે ઓફિસ રાખી હતી.

ત્યારબાદ આ ભાગીદારી પેઢીમાં સારો એવો નફો થતો હતો અને મારી પત્નિ તેમજ ક્રિષ્ણાકુમારની પત્નીને પણ ભાગીદાર બનાવ્યા હતા.પરંતુ ત્યારબાદ નફો ઓછો થવા માંડતા હિસાબો તપાસ્યા હતા.જે દરમિયાન ભાગીદારોએ નાણાંકીય ગોટાળા કરીને કુલ રૂ.૧.૩૯ કરોડની છેતરપિંડી કર્યાનું જણાઈ આવ્યું હતું. આ ફરિયાદને આધારે પોલીસે ક્રિષ્ણાકુમાર શુક્લા, પ્રિયંકા શુક્લા, જયા શુક્લા, જ્યોતિ મિશ્રા,મૃત્યુંજય મિશ્રા, રચના મિશ્રા, રીટા મિશ્રા અને એસ કે એસોસિએટ સામે ગુનો નોંધ્યો હતો.

### સાયબર ગઠીયાઓ નવા જુના તુક્કા અજમાવી વધુ બે લોકોને બનાવી ગયા શિકાર

# ગેસ બિલના નામે દસ લાખનો ચૂનો

## બીલ ભરી દીધા પછી કંપનીના નામે ફોન કરી ગઠીયાએ ઘા કરી લીધો: બીજી તરફ ગૂગલ પે એપ મારફત દરજી સાથે થઇગઇ છેતરપીંડી

રાજકોટ, તા.,૨૪

સાયબર ગઠીયાઓ એક ભુલો ત્યાં બીજી ચાર ઠગાઇ લઇને હાજર હોય છે. સાયબર પોલીસ ગમે એવા પ્રયાસ કરે પરંતુ સાયબર ક્રાઇમને નાબુદ કરી શકાય તેવી ક્ષમતા હજુ સુધી મેળવી શકાઇ નથી તે સત્ય અને કડવી હકિકત છે. આ કારણે જ સાયબર ગઠીયાઓ લોકોને છેતરી લેવામાં સફળ થઇ રહ્યા છે. એક કિસ્સામાં તો ખુદ મહિલા પીઆઇ પણ એલઆઇસી પોલીસી રીન્યુ કરાવવાના બહાના તળે ઓનલાઇન ફ્રોડનો શિકાર થઇ ગયા હતાં. ત્યાં હવે લિંક પર ક્લીક કર્યા વગર જ વેપારીના બેંક ખાતામાંથી દસ લાખ ગાયબ થઇ ગયાનો કિસ્સો સામે આવ્યો છે. ગેસનું બીલ ભરવાનું બાકી હોવાનો મેસેજ વેપારીને મોકલી આ ઠગાઇ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ શહેરના વાસણામાં રહેતા વેપારીને અદાણી ગેસનું બિલ બાકી હોવાનું મેસેજ આવ્યો હતો. બિલ ન ભરે તો કનેક્શન કાપી નાખવાની ધમકી આપી હતી જેથી વેપારીએ તાત્કાલિક બિલ તો ભરી દીધું હતું. બાદમાં સાયબર ગઠિયાએ અદાણીના કર્મચારી બનીને વેપારીને લિંક પર ક્લિક કરવાનું કહેતા વેપારીએ લિંક ખોલી ન્હોતી છતાં વેપારીના ખાતામાંથી અલગ અલગ ટ્રાન્જેક્શન દ્વારા દસ લાખ બાર હજાર ઉપડી ગયા હતા જે અંગે વેપારીએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

વધુ માહિતી અનુસાર વાસણામાં રહેતા એકાવન વર્ષીય વેપારી મેન્યુફેક્ચરીંગનું કામ કરે છે.વેપારીને અજાણ્યા નંબર અને અદાણીના ફોટો વાળા ડીપી પરથી ગેસનું બિલ બાકી હોવાનો મેસેજ આવ્યો હતો.બિલ ન ભરે તો કનેક્શન કાપી દેવાનું જણાવ્યું હતું.જેથી વેપારીએ ડરીને બિલ ભરી દીધું હતું બાદમાં અદાણીના કર્મચારી બનીને વાત કરી રહેલા ગઠિયાએ એક લિંક મોકલી લિંક ક્લિક કરી બિલ ભરવાનું કહેતા વેપારીએ ન પાડીને વાતચીત કરી ન્હોતી.

જોકે દોઢ કલાકમાં જ વેપારીના ખાતામાંથી




૫ લાખ રૂપિયા ઉપડી ગયાનો મેસેજ આવ્યો હતો. વેપારીએ બેંકમાં.જઈને એકાઉન્ટ બ્લોક કરાવ્યું ત્યારે પણ તેમના ખાતામાંથી અલગ અલગ રકમ ઉપાડવા લાગી હતી.વેપારીએ ફોન ફોર્મેટ કરી દીધો હતો.ફોન ફરીથી ચાલુ કરતા ખાતામાંથી બીજી રકમ ટ્રાન્સફર થયાના મેસેજ આવ્યા હતા.આમ.વેપારીની જાણ બહાર ખાતામાંથી ૧૦.૧૨ લાખ ઉપડી ગયા હતા જે અંગે વેપારીએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

ડિજિટલ પેમેન્ટના જમાનામાં સાયબર ફ્રોડના કિસ્સાઓ દિન-પ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે ભુજમાં વધુ એક સાયબર ક્રાઈમનો બનાવ પ્રકાશમાં આવ્યો હતો. સુખપર ખાતે રહેતા અને દરજીકામ કરતા એક યુવાનના બેંક ખાતામાંથી અજાણ્યા શખ્સોએ ગૂગલ પે મારફતે રૂ. ૬૭ હજાર સેરવી લીધા હોવાની ફરિયાદ એ ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ હતી. નાગરચકલા વિસ્તારમાં અંશી લેડીસ ટ્રેઈલર નામની દુકાન ચલાવતા અને સુખપરમાં રહેતા યોગેશભાઈ ચુનીલાલ દરજી રાત્રિના મિરઝાપર રોડ પર સેન્ડલવુડ ખાતે મેળામાં ગયા હતા.

બીજા દિવસે બપોરે તેઓએ દુકાન પાસે ચા પીધા બાદ ગૂગલ પેથી પેમેન્ટ કરવાનો -યાસ કર્યો ત્યારે ખાતામાંથી પૈસા ટ્રાન્સફર થયા ન હતા. ત્યારબાદ બેલેન્સ ચેક કરતા તેમના ખાતામાં માત્ર ૩૭ રૂપિયા બચ્યા હતા. ખાતામાંથી રકમ ગાયબ થતાં તેમણે ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રી તપાસી હતી. જેમાં તારીખ ૧૩ સપ્ટેમ્બરના રાત્રે ૮.૨૯ કલાકે રૂ. ૫૦ હજાર અને ૮.૪૦ કલાકે રૂ. ૧૭ હજાર મળીને કુલ રૂ. ૬૭ હજારનું ટ્રાન્ઝેક્શન હરિઓમ કીરાણાના નામે થયું હોવાનું સામે આવ્યું હતું.

આ રકમ તેમના બેંક ઓફ બરોડાના ખાતામાંથી જે ગુગલ પે સાથે લિંક હતું તેમાંથી અજાણ્યા શખ્સના એરટેલ પેમેન્ટ બેંકના ખાતામાં ટ્રાન્સફર થઈ ગઈ હતી. છેતરપિંડી થયાનું માલૂમ પડતા યોગેશભાઈએ તાત્કાલિક સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી અરજી નોંધાવી હતી. ત્યારબાદ, બેંકમાંથી માહિતી મેળવીને અજાણ્યા ભેજાબાજ સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે, સાયબર ઠગો પહેલા છેતરપિંડી માટે ઓટીપીનો ઉપયોગ વધુ કરતા હતા. પરંતુ હવે સાયબર ઠગો દ્વારા ઓટીપી વિના પણ ઠગાઈ કરવાના બનાવો છેલ્લા થોડા સમયથી વધી રહ્યા છે.

# બે દિવસ બંધ રહેલુ મકાન ચોરનું નિશાન બન્યું: પોણા ત્રણ લાખ ગ્યા

## ઇંટોના ભઠ્ઠામાં મજુરી કરતાં ઘરધણીની યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ



રાજકોટ તા. ૨૪

તસ્કરોએ વધુ એક સ્થળે હાથફેરો કર્યો હતો. શહેરના કાલાવડ રોડ પર આવેલ ઈસ્કોન મંદિર પાછળના વિસ્તારમાં તસ્કરો ત્રાટકી બે દિવસ બંધ રહેલા મકાનને નિશાન બનાવી રૂ. ૨,૮૨,૫૦૦ ની કિંમતના સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમની ચોરી કરી જતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે ઈસ્કોન મંદિર પાછળ ઇંટોના ભઠ્ઠા પાસે રૂડાનગર-૩ જય બજરંગ મકાનમાં રહેતાં અને ઇંટોના ભઠ્ઠામાં મજુરી કરી ગુજરાન ચલાવતાં રાજેશભાઈ જયંતીભાઈ સંચાણીયાની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો હતો.

તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે તા. ૫/૯ના રોજ મારા માતા-પિતા જાત્રાએ જવા નીકળ્યા હતાં આથી તેમનું હરીપર પાળ ખાતેનું ઘર રેઢુ હોઇ  તે તથા તેના પત્નિ ત્યાં રહેવા ગયા હતાં. રાતે તેમનો દિકરો નિશાંત ઘરે સુવા આવતો હતો. આ દરમિયાન ૧૫મીએ દિકરા નિશાંતને રાજસ્થાન જવાનું હોઇ તે રાજકોટના મકાને સુવા ગયો નહોતો. આ પછી બે દિવસ સુધી મકાન રેઢુ હતું. ૧૭/૦૯ના રોજ સવારે સાડા આઠ વાગ્યા આસપાસ રાજેશભાઈ ઘરે ધુપદીવા કરવા માટે આવ્યા ત્યારે મકાનના ગ્રાઉન્ડ લોર અને પહેલા માળના મેઈન ડોરના તાળા તૂટેલી હાલતમાં મળી આવ્યા હતા.

ઘરમાં અંદર તપાસ કરતાં તસ્કરોએ તિજોરી, કબાટ અને રૂમનો સામાન વેરવિખેર કરી નાખ્યો હતો. તસ્કરો ઘરમાંથી કુલ રૂ. ૮૦,૦૦૦ ની રોકડ રકમ ચોરી ગયા હતા, જેમાં ઘરના જનરલ રૂમમાં રાખેલા રૂ. ૫૦,૦૦૦ અને દીકરાના રૂમમાંથી રૂ. ૩૦,૦૦૦ નો સમાવેશ થાય છે. આ સિવાય ઘરમાંથી અંદાજે ૨૦.૦૫ ગ્રામ વજનના અને રૂ. ૧,૬૨,૦૦૦ની કિંમતના સોનાના દાગીના ચોરાયા હતા, જેમાં રૂ. ૪૦,૦૦૦ની કિંમતની ૫ ગ્રામની એક જોડી સોનાની બુટ્ટી, રૂ. ૨,૦૦૦ની કિંમતના અડધા ગ્રામના સોનાના દાણા તથા રૂ. ૧,૨૦,૦૦૦ની કિંમતની ૧૫ ગ્રામ વજન ધરાવતી સોનાની એક ચેન અને પેન્ડલ સામેલ હતાં. આ ઉપરાંત રૂ. ૪૦,૫૦૦ ની કિંમતના ૩૦૪ ગ્રામ ચાંદીના દાગીના પણ ગાયબ હતાં. જેમાં રૂ. ૪૦,૦૦૦ની કિંમત ધરાવતી ૩૦૦ ગ્રામની બે જોડી ચાંદીના સાંકળા અને રૂ. ૫૦૦ ની કિંમતના ૪ ગ્રામના ચાંદીના સિક્કાનો સમાવેશ થાય છે. તસ્કરો ઘરના તાળા તોડીને કુલ રૂ. ૨,૮૨,૫૦૦ની માલમત્તા ચોરી ગયા હતા. યુનિવર્સિટી પીઆઇ કે. કે. ગોહિલની રાહબરીમાં હેડકોન્સ. પી. એન. ગોહિલે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

### સાયબર ગઠીયાઓ ગામને છેતર્યા વગરનો એક દિવસ પણ કોરો જવા દેતાં નથી

# બેંકની એપ હેક કરી નિવૃત ફોજીના નાણા ઉસેડી લેવાયા

## સાયબર ગઠીયાઓએ પાંચ લાખ ટ્રાન્સફર કરી લઇ બારોબાર મોલના વેન્ડીંગ મશીનમાંથી સોનુ પણ ખરીદી લીધું!

રાજકોટ તા. ૨૪

સાયબર ક્રાઇમની રોજેરોજ બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ આવી ઠગાઇના કિસ્સા પોલીસ ચોપડે ચડ્યા છે. એક નિવૃત આર્મી ઓફિસર સાથે ગઠીયાઓએ પાંચ લાખની ઠગાઇ કરી લીધી હતી. બેંકની એપ હેક કરી એકાઉન્ટમાંથી પૈસા ટ્રાન્સફર કરી લેવાયા હતા. આ ફ્રોડના રૂપિયામાંથી મોલના વેન્ડીંગ મશીનમાંથી  સોનાના સિક્કા ખરીદ કરી ગઠીયાઓએ રોકડા કરી લીધા હતાં!

વિગતો પર નજર કરીએ તો આ ઠગાઇ પાટનગર ગાંધીનગરના સરઘાસણ ખાતે થઇ હતી. અહિ રહેતા પંચોતેર વર્ષીય ઈન્ડિયન આર્મીના નિવૃત્ત સુબેદાર મેજર સાથે પાંચ લાખ જેટલી ઠગાઈ આચરવામાં આવી હોવાનો કિસ્સા સામે આવતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. સાયબર ઠગોએ પંજાબ નેશનલ બેંકની મોબાઈલ એપ્લિકેશન હેક કરી ખાતામાંથી આ રકમ મુંબઈના બંધન બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરીને ગોલ્ડ કોઈન વેન્ડિંગ મશીનમાંથી સોનાના સિક્કા ખરીદી રોકડા કરી લીધા હતા. આ સમગ્ર મામલે અડાલજ પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

વધુ માહિતી જોઇએ તો ગાંધીનગરના સરગાસણની શિક્ષાપત્રી સ્કાયલાઈન ખાતે રહેતા નિવૃત્ત આર્મી ઓફિસર આઝાદસિંગ મલિકે પંજાબ નેશનલ બેંકમાં રહેલી રીકરીંગ ડિપોઝીટ પાકતી હોવાથી ૨૩ જૂનના રોજ પોતાના ફોનમાં પીએનબી વન એપ્લિકેશન ઓપન



કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે એપ્લિકેશનમાં સતત પાંચેક વખત સાચો પાસવર્ડ નાખવા છતાં લોગઈન થઈ શક્યું નહોતું. આથી તેમણે ગુગલ પરથી કસ્ટમર કેર નંબર શોધી સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સામેથી કોઈ સંતોષકારક પ્રતિસાદ મળ્યો નહોતો. બાદમાં બીજા દિવસે સવારે તેમના મોબાઈલની આખી સ્ક્રીન પર પી.એન.બી. વનના લોગો વાળી ડિસ્પ્લે આવી હતી જેમાં રજિસ્ટ્રેશન લખેલું હતું. તેમણે તેના પર ક્લિક કરતા જ કંઈક ગરબડ હોવાનો અહેસાસ થતાં તરત જ એપ્લિકેશન બંધ કરી દીધી હતી.

જોકે તેના થોડા જ સમય બાદ અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને સામે વાળી વ્યક્તિએ એપ્લિકેશનમાં કોઈ -ોબ્લેમ છે કે કેમ તેમ પૂછ્યું હતું. મલિકને શંકા જતાં તેમણે કોઈ સમસ્યા નથી તેમ કહી ફોન તરત જ કાપી નાખ્યો હતો. પરંતુ મનમાંથી શંકા ન જતાં તેમણે તરત જ પોતાના પરિચિત બેંક અધિકારીનો સંપર્ક કરી ખાતાનું સ્ટેટમેન્ટ ચકાસવા જણાવ્યું હતું. આ ચકાસણી દરમિયાન તેમના ખાતામાંથી રૂ. ૪,૯૯,૯૯૦ કપાઈ ગયા હોવાનું માલૂમ પડતાં તેમના પગ તળેથી જમીન ખસી ગઈ હતી. આ અંગે તેમણે તુરંત જ સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે ગાંધીનગર સાયબર ક્રાઈમ સેલે ડાણપૂર્વક તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

આ કેસમાં સાયબર સેલની તપાસમાં બહાર આવ્યું કે આઝાદસિંગના ખાતામાંથી ટ્રાન્સફર થયેલી રકમ મુંબઈના શિવાજીનગર ગોવંડી ખાતે આવેલી બહુજન પંચાયત સમિતિ નજીક રહેતી રૂપાલી સિતારામ કામ્બલેના બંધન બેંકના ખાતામાં જમા થઈ હતી. આ એકાઉન્ટના ડેબિટ કાર્ડથી તુરંત ૨ લાખ એટીએમ મારફતે ઉપાડી લેવામાં આવ્યા હતા, જ્યારે બાકીની રકમમાંથી એસ્પેક્ટ બુલિયન કંપનીમાંથી સોનાના સિક્કા ખરીદી લેવાયા હતા.પોલીસે બુલિયન કંપની પાસેથી મેળવેલા સીસીટીવી ફૂટેજ ચકાસ્યા હતાં.

આને આધારે ખબર પડી હતી કે મુંબઈના ઈનોરબીટ મોલ ખાતે મૂકવામાં આવેલા ઓટોમેટિક વેન્ડિંગ મશીનમાંથી મોહમ્મદ જુનેદ મુનીર અહેમદ શેખ નામના શખ્સે ગોલ્ડ કોઈન મેળવ્યા હોવાનું સ્પષ્ટપણે સામે આવ્યું છે. આ મામલે અડાલજ પોલીસે સત્તાવાર ગુનો નોંધીને મુંબઈ સ્થિત સાયબર ઠગ ટોળકીના સાગરીતોને ઝડપી પાડવા ટીમો રવાના કરી હતી. આમ વધુ એક નવતર પ્રકારે સાયબર ફ્રોડ આચરી લેવાયુ હતું.

### લેભાગુઓ મિત્રતા અને પ્રેમના નામે જાળ બિછાવી ફસાવતાં હોવાના વધુ બે લાલબત્તી સમાન કિસ્સા

# સગીરાને ગર્ભવતી બનાવી: પરિણીતા સાથે બ્લેકમેઇલીંગ

## બાળાને મિત્રતામાં ફસાવી લગ્નની લાલચ દઇ જિંદગી બગાડી: પરિણીતાને તેના પતિ સાથે છુટુ કરાવી દેહ પીંખ્યો: પછી લગ્ન ન કરી ફોટા વિડીયો વાયરલ કરવાની ધમકી દઇ નાણા માંગ્યા

રાજકોટ તા. ૨૪

લેભાગુ તત્વો કોઇપણ રીતે સગીરાઓ, યુવતિઓ, વિદ્યાર્થીનીઓ અને ઘણીવાર પરિણીતાઓને પણ ફસાવીને  દુષ્કર્મ આચરી લેતાં હોય છે. શારીરિક શોષણની સાથે સાથે ઘણીવાર બ્લેકમેઇલીંગ કરી આર્થીક શોષણ પણ કરવામાં આવતું હોય છે. પોતાનો સ્વાર્થ પુરો થઇ ગયા પછી આવા તત્વો જે તે સગીરા કે યુવતિને તરછોડી દેતાં હોવાના બનાવો પણ અનેક બની ચુક્યા છે. આ વચ્ચે વધુ બે દુષ્કર્મની ઘટના સામે આવી હતી. જેમાં એક કિસ્સામાં સગીરાને ફસાવી દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવી તરછોડી દીધી હતી. બીજી ઘટનામાં એક પરિણીતાને ફસાવી તેના પતિ સાથે છુટાછેડા કરાવી શોષણ કરી બાદમાં અંગતપળના ફોટા વિડીયો વાયરલ કરવાની ધમકી દઇ પૈસાની માંગણી કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો આ બંને ઘટના સુરતમાં સામે આવી છે. મહિલાઓ અને સગીરાઓ પર અત્યાચારના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. સારોલી અને અમરોલી પોલીસ મથકમાં દુષ્કર્મની બે અલગ-અલગ ફરિયાદો નોંધાતા તપાસ શરૂ થઇ હતી. સારોલીમાં લગ્નની લાલચ આપી સગીરા પર દુષ્કર્મ આચરી તેને ચાર માસનો ગર્ભ રાખી દેવાયો હતો. જ્યારે અમરોલીમાં પરિણીતાના પતિ સાથે છૂટાછેડા કરાવી, શારીરિક સંબંધ બાંધી અંગત પળોના વીડિયો-ફોટા વાઇરલ કરવાની ધમકી આપી પૈસાની માગણી કરવાનો મામલો સામે આવ્યો છે. પોલીસે બંને કિસ્સામાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. અમરોલી પોલીસે આરોપીની ધરપકડ પણ કરી લીધી હતી.

પોલીસ સુત્રોમાંથી મળેલી માહિતી અનુસાર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદમાં જણાવાયું હતું કે સગીરાની ઉંમર અઢાર વર્ષથી ઓછી છે. આરોપી રિતિક મહેશભાઈ રાઠોડએ તેની સાથે મિત્રતા કેળવી હતી. ત્યારબાદ વેડછા ગામ ખાતે સગીરાને બોલાવી હતી. ત્યાં તેણે 'આપણે એક વર્ષ પછી લગ્ન કરવાના જ છીએ, તો ફીઝીકલ



થવામાં કંઈ વાંધો નથી' એવી મીઠી-મીઠી વાતો કરીને તેની સાથે અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ દુષ્કર્મના કારણે સગીરાને આશરે સોળ અઠવાડિયાનો  ગર્ભ રહી ગયો હતો. આ મામલે સારોલી પોલીસે બીએનએસ અને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

બીજી એક દુષ્કર્મની ઘટના જોઇએ તો અમરોલી પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ અનુસાર, કોસાડ આવાસમાં રહેતા વસીમ અબ્દુલ હમીદ કુરેશીએ એક પરિણીતા સાથે નિકટતા વધારી લગ્ન કરવાનું વચન આપ્યું હતું. આરોપીએ મહિલાના ઘરે આવી શારીરિક સંબંધ બાંધ્યા હતા અને મહિલાના પતિ સાથે છૂટાછેડા પણ કરાવી દીધા હતા. એટલું જ નહીં, મહિલાને મોરબી ફરવા લઈ જઈ ત્યાં પણ તેની સાથે અવારનવાર શરીર સંબંધ બાંધ્યો હતો.

આ પછી આરોપીએ રંગ બદલતા કહ્યું હતું કે તેં તારા પતિને કરારથી છૂટાછેડા આપેલા છે તે મને મંજૂર નથી, તું મુસ્લિમ શરીયત મુજબ તારા પતિને મોઢેથી તલાક બોલીને આવ્યા પછી જ તને અપનાવી લઈશ. આ બાબતે ઝઘડો કરી આરોપીએ છૂટા હાથની મારામારી કરી હતી. આ ઉપરાંત વોટ્સએપ વોઇસ મેસેજ મોકલી વીસ હજાર રોકડા તેમજ મોબાઇલ-ચાર્જરની માગણી કરી હતી.

આ ઉપરાંત ધમકી આપી હતી કે જો આ માંગણી પૂરી ન થાય તો શારીરિક સંબંધ વખતના અંગત ફોટા-વીડિયો વાઇરલ કરી નાંખશે તેમજ મહિલા તેમજ તેના બાળકોને જાનથી મારી નાખશે. અમરોલી પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ગમે ત્યારે ગમે ત્યાં આવા લેભાગુઓ સગીરાઓ, યુવતિઓ, પરિણીતાઓને મિત્રતા અને પ્રેમના નામે જાળ ફેલાવી ફસાવીને જીવતર બગાડી નાંખતા હોય છે. આ વાતની પ્રતીતી કરાવતાં આ વધુ બે કિસ્સા પોલીસ સુધી પહોંચ્યા હતાં. કોઇની પણ સાથે મિત્રતા કે પ્રેમમાં આગળ વધતા પહેલા સો વખત વિચાર કરવો જરૂરી છે. હાલના સમયમાં આવી જાળ માત્ર શારીરિક સંબંધો બાંધવા માટે બીછાવાતી હોય છે. સ્વાર્થ પુરો થયા બાદ લેભાગુઓ દગો દઇ ભાગી જતાં હોય છે અને બ્લેકમેઇલીંગ પણ કરતાં હોય છે.

## પોલીસની જાડી ચામડી ભેદતો સવાલ હવે કોણ માઈ કે લાલ હલ કરાવશે?

# છોટુનગરમાં કાયદાનું રાજ કે બુટલેગરોનું?

### પોલીસ કમિશનરથી લઈને ધારાસભ્ય દર્શિતાબેન શાહ સુધી રજૂઆતોના થોકડા, છતાં પરિણામ 'શૂન્ય' જાહેરમાં બીભત્સ ચેનચાળા અને ગાળાગાળી : લત્તાવાસીઓ પર હુમલા અને ધમકીઓથી લોકો ત્રાહિમામ

### દારૂડિયાઓના આતંકથી મહિલાઓનું જીવવું હરામ, 'પોલીસ અમારા ખિસ્સામાં છે'ના બુટલેગરોના બેફામ દાવા છતાં ખાખી મૂકપ્રેક્ષક! : રૈયા રોડની છોટુનગર ઝુપડપટ્ટી 'મિની દારૂનું પીઠું' બની : એક દાયકાથી દેશી-વિદેશી દારૂની ખુલ્લેઆમ રેલમછેલ

### એક-બે પોટલી પકડીને 'સિંહ માર્યાનો' સંતોષ માનતી સ્થાનિક પોલીસે સપ્તાહનું મેગા ઓપરેશન કરવાની તાતી જરૂર દારૂડીયાઓ નાની-મોટી ચોરી પણ કરતા હોવાનો લત્તાવાસીઓનો આક્ષેપ

રાજકોટ, તા.૨૪

'રંગીલા' અને 'સ્માર્ટ' સિટી તરીકે ઓળખાતા રાજકોટના રૈયા રોડ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની ખુલ્લેઆમ અંતિમયાત્રા નીકળી રહી છે, અને સ્થાનિક પોલીસ આંખે પાટા બાંધીને ધૃતરાષ્ટ્રની ભૂમિકા ભજવી રહી છે. રૈયા રોડ પર આવેલી છોટુનગર સોસાયટી તેમજ અલકાપુરી સોસાયટીની બરાબર પાછળ આવેલી 'છોટુનગર ઝુપડપટ્ટી' છેલ્લા એક દાયકાથી જાણે કે બુટલેગરોની જાગીર બની ગઈ છે. અહીં પોલીસના નાક નીચે, દિવસ-રાત જોયા વિના, દેશી અને વિદેશી દારૂનું બેરોકટોક વેચાણ થઈ રહ્યું છે. સવાલ એ થાય છે કે શું રાજકોટ પોલીસ એટલી હદે લાચાર બની ગઈ છે, કે પછી ખાખી વર્દી અને બુટલેગરો વચ્ચેની મિલીભગતના તાર છેક ઉપર સુધી જોડાયેલા છે?

રાજકોટના ઈતિહાસમાં કદાચ આ પહેલીવાર બની રહ્યું છે કે કોઈ રહેણાંક વિસ્તારમાં મહિલાઓને સાંજના સમયે ઘરની બહાર પગ મુકતા ડર લાગે. દારૂના નશામાં ચૂર ઈસમો દ્વારા જાહેરમાં અભદ્ર શબ્દોનો વાણીવિલાસ રોજિંદી ઘટના બની ગઈ છે. શરમજનક બાબત તો એ છે કે માત્ર પુરુષો જ નહીં, નશાની હાલતમાં સ્ત્રીઓ પણ ધોળા દિવસે અને રાત્રિના સમયે જાહેરમાં બીભત્સ ચેનચાળા કરતી જોવા મળે છે. સવાર પડે અને લત્તાવાસીઓના ઘરની બહાર દેશી દારૂની ખાલી પોટલીઓના ઢગલા જોવા મળે, ત્યારે સભ્ય સમાજના નાગરિકોએ ક્યાં જઈને માથું પછાડવું?

''પોલીસ અમારા ખિસ્સામાં છે'' - આ છે બુટલેગરોનો ખુલ્લો પડકાર! દારૂના ધંધાર્થીઓ અને બહારથી પીવા આવતા તત્વો એટલા તો બેફામ બની ગયા છે કે સ્થાનિક લોકો જ્યારે વિરોધ કરે ત્યારે તેમની સાથે ઉગ્ર બોલાચાલી અને મારપીટ કરવામાં આવે છે. છાકટા બનેલા આ શખ્સો નાની-મોટી વસ્તુઓથી હુમલા કરતા પણ અચકાતા નથી. તેઓ છાતી ઠોકીને સ્થાનિકોને ધમકી આપે છે કે, ''તમારે જ્યાં જવું હોય ત્યાં જાવ, પોલીસ અમારા ખિસ્સામાં છે! પોલીસ કે કાયદો અમારું કાઈ નહિ બગાડી શકે.'' બુટલેગરોની આ હિંમત સ્પષ્ટ ઈશારો કરે છે કે પોલીસ હપ્તાખોરીની ઊંઘમાં એટલી ગળાડૂબ છે કે તેમને પ્રજાની પીડા દેખાતી નથી.

નેતાઓ અને અધિકારીઓ માત્ર આશ્વાસનના વાવેતર કરે છે આ ત્રાસથી કંટાળીને સ્થાનિકોએ નાયબ મુખ્યમંત્રીને રૂબરૂ રજૂઆત કરી, શહેર પોલીસ કમિશ્નરને અસંખ્ય વખત લેખિત અરજીઓ આપી, એટલું જ નહીં પરંતુ સ્થાનિક ધારાસભ્ય દર્શિતાબેન શાહના બારણા પણ ખખડાવ્યા અને તેમને પણ રૂબરૂ તથા લેખિત રજૂઆતો કરી. પરંતુ 'ખાટલે મોટી ખોડ' એ છે કે તમામ સત્તાધીશો અને નેતાઓ માત્ર આશ્વાસનના ગાજર પકડાવી દે છે. તંત્ર દ્વારા આજ દિન સુધી કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. આ આખી સિસ્ટમ જાણે કે બુટલેગરોના રક્ષણ માટે ગોઠવાઈ હોય તેવો ઘાટ સર્જાયો છે.









#### તોડ કરવાના નાટકો બંધ કરો, 'મેગા ડ્રાઈવ' ચલાવો

સ્થાનિક પોલીસ ક્યારેક ક્યારેક દેખાડો કરવા માટે એક-બે કોથળી કે બોટલો પકડીને મીડિયા સમક્ષ 'સિંહ માર્યાનો' અહેસાસ કરાવે છે. પરંતુ પ્રજા હવે આ નાટકો સમજી ગઈ છે. લોકોની સીધી અને સ્પષ્ટ માંગ છે કે જો પોલીસ ખરેખર નિષ્ઠાવાન હોય, તો આગામી અઠવાડિયા કે દસ દિવસ સુધી છોટુનગર વિસ્તારમાં લગાતાર ઓપરેશન હાથ ધરે. રોજેરોજ દરોડા પડે, દારૂ બનાવતા અને ઢીંચતા તમામ તત્વોને વીણી-વીણીને ગંભીર ગુનાઓમાં ફિટ કરવામાં આવે અને પાસા હેઠળ જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે તો જ પોલીસને પ્રજાની પડી હોવાનું માનવામાં આવશે અન્યથા ખાખીની મિલીભગતથી જ દારૂડિયાઓ બેફામ બન્યા હોવાનું કહેવું ઉચિત હોવાનું જાગૃત લોકોનું કહેવું અને આક્ષેપ છે.

#### શું કોઈ 'માઈનો લાલ' અધિકારી જાગશે?

હવે સમય જ બતાવશે કે છોટુનગરના રહીશોની આ વેદના સાંભળીને, ખાખીની લાજ બચાવવા કોઈ 'માઈનો લાલ' કે ખુદ્દાર પોલીસ અધિકારી જાગશે? કે પછી જાડી ચામડીની પોલીસ બુટલેગરોના ખિસ્સામાં જ બેસી રહેશે અને શાંત પ્રજાને હેરાનગતિ ભોગવવાનો જ વારો આવશે? રાજકોટની જનતા હવે આકરા મૂડમાં છે, અને જો હવે કાર્યવાહી નહીં થાય તો પ્રજાનો રોષ પોલીસ મથકો સુધી પહોંચતા વાર નહીં લાગે.

#### ગૃહમંત્રીને રૂબરૂ ફરિયાદ છતાં કોઈ કાર્યવાહી નહિનો આક્ષેપ

છોટુ નગરની આસપાસના 300 કુટુંબ-પરિવારજનોએ રોષભેર જણાવ્યું હતું કે, અહીં વકરતી જતી દારુ બંદી વિષે ખુદ ગૃહમંત્રી-નાયબ મુખ્યમંત્રીને રૂબરૂ ફરિયાદ, રજુઆતો કરવામાં આવી છે. પણ દારૂડિયાઓને નાથવા પોલીસે લેશમાત્ર પગલા ભર્યા ન હોવાનો લોકોનો આક્ષેપ છે.

### ગુજરાત સંગઠનમાં મોટો નિર્ણય: રત્નાકરજી યથાવત

# સૌરાષ્ટ્રના રાજકારણનું કેન્દ્ર હવે રાજકોટ

### અરૂણ બિન્નાડી પ્રદેશ સંગઠન સહમહામંત્રી તરીકે નિયુક્ત : ગુજરાત ભાજપના ઈતિહાસમાં પ્રથમ વખત પ્રદેશ સંગઠન સહમહામંત્રીનું હેડક્વાર્ટર રાજકોટ

રાજકોટ, તા. ૨૪

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન નબીન દ્વારા રાષ્ટ્રીય તેમજ રાજ્ય કક્ષાના સંગઠનમાં વ્યાપક અને મોટા પાયે ફેરફારોની જાહેરાત કરવામાં આવી છે. આ નવી નિમણૂકો અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાના અનુભવી નેતાઓને દેશના વિવિધ રાજ્યોમાં સંગઠનાત્મક કામકાજ માટેની વધારાની સત્તાવાર જવાબદારીઓ સોંપવામાં આવી છે. આ સમગ્ર ફેરબદલમાં ખાસ કરીને આર.એસ.એસ. (RSS) નું મજબૂત બેકગ્રાઉન્ડ ધરાવતા નેતાઓ પર પસંદગીનો કળશ ઢોળવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે ભાજપ સંગઠનને મૂળભૂત વિચારધારા સાથે વધુ મજબૂત કરવા માંગે છે.

ગુજરાત પ્રદેશ સંગઠનની વાત કરીએ તો, પ્રદેશ સંગઠન મહામંત્રી તરીકે રત્નાકરને યથાવત રાખવામાં આવ્યા છે. રત્નાકર અમદાવાદ ખાતેના મુખ્ય હેડક્વાર્ટરથી જ કામકાજ સંભાળશે અને તેઓ ગુજરાત ઉપરાંત દાદરા અને નગર હવેલી, દમણ તેમજ દીવનું સંગઠનાત્મક કામકાજ પણ જોશે. સૌથી મોટો અને ઐતિહાસિક ફેરફાર સૌરાષ્ટ્ર ઝોન માટે કરવામાં આવ્યો છે. રત્નાકરની સહાયતા માટે ભાજપે પ્રદેશ સંગઠનમાં સહમહામંત્રી તરીકે અરૂણ બિન્નાડીની નિમણૂક કરી છે અને તેમનું હેડક્વાર્ટર રાજકોટ રાખવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાત ભાજપના ઈતિહાસમાં આ પ્રથમ વખત બન્યું છે જ્યારે પ્રદેશ સંગઠનના સહમહામંત્રીનું મુખ્ય મથક રાજકોટ બનાવવામાં આવ્યું હોય. આ માટે રાજકોટમાં સંગઠન સહમહામંત્રી માટે એક ખાસ અલગ ઓફિસ પણ શરૂ કરવામાં આવશે.

લાંબા સમયથી સૌરાષ્ટ્રના રાજકારણમાં જે એક પ્રકારનો નેતૃત્વનો શૂન્યાવકાશ અનુભવાઈ રહ્યો હતો, તેને પૂરવા માટે ભાજપ મોવડી મંડળનો આ નિર્ણય અત્યંત મહત્વનો સાબિત થશે. રાજકોટને પાવર સેન્ટર બનાવવાથી આગામી દિવસોમાં સૌરાષ્ટ્રનું પ્રાદેશિક રાજકારણ હવે સીધું જ દિલ્હી હાઈકમાન્ડ સાથે કનેક્ટ થઈ જશે તે નિશ્ચિત માનવામાં આવે છે.

બીજી તરફ, અગાઉ ગુજરાતમાંથી બિહાર મોકલવામાં આવેલા અનુભવી નેતા ભીખુભાઈ દલસાણિયાને પણ મોટી રાહત સાથે યથાવત રાખવામાં આવ્યા છે. બિહારના પ્રદેશ સંગઠન મહામંત્રી તરીકે ભીખુભાઈ દલસાણિયા પોતાની સેવાઓ ચાલુ રાખશે. જોકે, તેમની સહાયતા માટે અને કામગીરી ઝડપી બનાવવા માટે રાંચી ખાતેના હેડક્વાર્ટર સાથે પવન સાંઈને પણ પ્રદેશ સંગઠન મહામંત્રી તરીકે પણ નવો પ્રભાર આપવામાં આવ્યો છે. આ રીતે ભાજપે બિહારમાં પ્રદેશ સંગઠન મહામંત્રીની બે સમાંતર પોસ્ટ ઊભી કરીને એક નવું જ પાવર શેરિંગ મોડેલ તૈયાર કર્યું છે.

ભાજપે હવે દેશના દરેક રાજ્ય અને ઝોન મુજબ સંગઠન સહમહામંત્રીઓની વહેંચણી કરીને કામની સ્પષ્ટ વહેંચણી કરી દીધી છે. રાષ્ટ્રીય સંગઠન સહમહામંત્રી તરીકે કાર્યરત સતીષ ધોંડને મહારાષ્ટ્ર ઉપરાંત ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાન જેવા રાજ્યોમાં આદિવાસી વિસ્તારના જોડાણ માટે 'જનજાતિ સંપર્ક'ની વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત, પ્રદેશ સહમહામંત્રી (સંગઠન)ની એક અલગ ટીમ આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ગોવાનું કામકાજ સંભાળશે, જેનું મુખ્ય હેડક્વાર્ટર મુંબઈ ખાતે રાખવામાં આવ્યું છે.

પૂર્વ ક્ષેત્રની જવાબદારીઓમાં, રાષ્ટ્રીય સંગઠન સહમહામંત્રી સોદાનસિંહને બિહાર, ઝારખંડ, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળનો મહત્વનો પ્રભાર સોંપાયો છે અને તેમનું મુખ્ય મથક ભુવનેશ્વર રહેશે. આ સાથે જ ગુજરાતના રાજકારણથી લાંબા સમયથી સુપરીચિત એવા સીનિયર નેતા વી. સતીષને એસ.સી. અને એસ.ટી. મોરચાના સંસદીય કાર્યાલયની મોટી જવાબદારી સોંપાઈ છે. આમ, ભાજપ હાઈકમાન્ડે તમામ રાજ્યોમાં ઝોન વાઈઝ વ્યવસ્થા ગોઠવીને સંગઠનને આગામી પડકારો માટે સંપૂર્ણ રીતે સજ્જ કરી દીધું છે.

# મનપામાં ટેબલ-ભાડા-કાજુ કતરીના નામે 'ભ્રષ્ટાચાર'?

### જંગલેશ્વર ડિમોલિશન તપાસનો રિપોર્ટ ૭૫ દિવસ પછી પણ અદ્ધરતાલ! : કોંગ્રેસ પણ પાણીમાં બેઠું : કોંગ્રેસ દ્વારા મનપા શાસકોને ૧૫ દિવસનું અલ્ટીમેટમ, આંદોલનની ચીમકી



રાજકોટ, તા. ૨૪

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફેબ્રુઆરી મહિનામાં જંગલેશ્વર અને નદીકાંઠા વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા મેગા ડિમોલિશન બાદ તેના ખર્ચને લઈને ભારે રાજકીય ગરમાવો આવી ગયો છે. ડિમોલિશનની કામગીરી દરમિયાન લાખો રૂપિયાના ભ્રષ્ટાચાર અને મોટા પાયે ગેરરીતિ આચરવામાં આવી હોવાના ગંભીર આરોપો સામે આવતાં મનપા કમિશનર દ્વારા તપાસ સમિતિ (SIT)ની રચના કરવામાં આવી હતી. જોકે, આ તપાસ સમિતિની રચના થયાને આજે ૭૫ દિવસથી પણ વધુ સમયનો મોટો ગાળો વીતી ગયો હોવા છતાં મનપા તંત્ર દ્વારા અજ્ઞાત કારણોસર આ અંગેનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો નથી. તપાસનો રિપોર્ટ સાર્વજનિક ન થતાં તંત્રની દાનત સામે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

આ મુદ્દાને લઈને વિપક્ષ કોંગ્રેસ દ્વારા મનપા શાસકો અને કમિશનર સામે મોરચો માંડવામાં આવ્યો છે. વોર્ડ નંબર ૧૬ના કોંગ્રેસના કોર્પોરેટર ઈબ્રાહીમ સોરા સહિતના પ્રતિનિધિઓએ આ કૌભાંડ સામે અગાઉ કમિશનર અને મેયરની ઓફિસ સામે ધરણાં અને આંદોલન કરવાની કડક ચીમકી આપી હતી. જોકે, આંદોલન કે ધામા નાખવાને બદલે કોંગ્રેસના કોર્પોરેટરોએ પાર્ટીના નિયમો મુજબ હાલ તંત્રને આવેદનપત્ર આપીને શાંતિપૂર્ણ રજૂઆત કરવાનો નિર્ણય લીધો હતો. આ આવેદનપત્ર સાથે વિપક્ષે મનપા તંત્રને તપાસ કમિટીનો રિપોર્ટ જાહેર કરવા માટે વધુ પખવાડિયા એટલે કે ૧૫ દિવસનો સમય આપ્યો છે અને આક્ષેપ કર્યો છે કે ડિમોલિશનની કામગીરીમાં ૧૫૧% ભ્રષ્ટાચાર થયો હોવાથી જ અધિકારીઓ રિપોર્ટ જાહેર કરતા અચકાઈ રહ્યા છે.

કોંગ્રેસના કોર્પોરેટર ઈબ્રાહિમ સોરાએ તંત્રના વલણ સામે ભારે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, મહાનગરપાલિકામાં સીટ (SIT)ની રચના કરવામાં આવી તેને આજે ૭૫ દિવસથી વધુ સમય થઈ ગયો છે પણ વિગતો દબાવવામાં આવી રહી છે. ત્રણ દિવસ પહેલાં આ મામલે અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું અને તેના ભાગરૂપે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવાનો નિર્ણય કરાયો હતો. વોર્ડ નંબર ૧૬ તેમજ નદીકાંઠા વિસ્તારમાં જે ડિમોલિશન કરવામાં આવ્યું તેમાં શાસકો અને અધિકારીઓએ મળીને મોટું કૌભાંડ આચર્યું છે. મનપા તંત્ર માત્ર ડીંડક ચલાવી રહ્યું છે અને સમગ્ર ભ્રષ્ટાચાર પર પડદો પાડવા વિગતો છુપાવી રહ્યું છે. જો આગામી ૧૫ દિવસમાં આ તપાસ રિપોર્ટ જાહેર નહીં થાય તો કોંગ્રેસના તમામ કોર્પોરેટરો જંગલેશ્વરના અસરગ્રસ્તોને સાથે રાખીને મનપા સામે વ્યાપક આંદોલન છેડશે.

બીજી તરફ, કોંગ્રેસના મહિલા કોર્પોરેટર દીપ્તિ સોલંકીએ જંગલેશ્વર ડિમોલિશનમાં થયેલા ખર્ચના આંકડાઓ સામે ચોંકાવનારા સવાલો ઉઠાવતા તંત્રના પોકળ દાવાની પોલ ખોલી હતી. તેમણે જણાવ્યું હતું કે, ડિમોલિશન કામગીરી બાદ મહાનગરપાલિકા દ્વારા જનરલ બોર્ડમાં જે ખર્ચના આંકડા રજૂ કરવામાં આવ્યા હતા, તેમાં કોઈ ચોક્કસ પુરાવા કે સંતોષકારક વિગતો આપવામાં આવી નહોતી. સામાન્ય રીતે કોઈપણ જાહેર કાર્યક્રમમાં સર્વિસ સાથે ટેબલનું દૈનિક ભાડું 300 થી ૫00 રૂપિયા થતું હોય છે, જેની સામે શાસકોએ કાગળ પર ૧ દિવસના ટેબલનું ભાડું 3000 થી ૪000 રૂપિયા જેવું મસમોટું દર્શાવ્યું છે. આ ઉપરાંત કાજુ-કતરી, જમણવાર, પીવાના પાણીની સુવિધા અને મંડપ સર્વિસ સહિતના તમામ કામોમાં અસહ્ય ગેરરીતિ આચરવામાં આવી છે. આમ, પ્રજાના ટેક્સના નાણાંનો બેફામ બગાડ અને ભ્રષ્ટાચાર થયો હોવાથી જ કમિશનર સાચો રિપોર્ટ જાહેર કરતા ડરી રહ્યા છે.